Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



*

जो देवाणवि देवो जं देवा पंजलि नमंसन्ति ।
तं देवदेवमहियं सिरसा वंदे महावीरम् ॥

જે દેવોના પણ દેવ છે, જેને દેવો હાથ જોડીને વંદે છે, તે દેવાધિદેવથી પૂજિત મહાવીરને મસ્તક નમાવી વંદુ છું.

*

| | | |
|---|---|---|
| પુસ્તક : ૮૫ | ફાગણ-ચૈત્ર | આત્મ સંવત ૯૪ |
| | માર્ચ-એપ્રીલ | વીર સંવત ૨૫૧૪ |
| અંક : ૫-૬ | ૧૯૮૮ | વિક્રમ સંવત ૨૦૪૪ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


શ્રી જૈનશાસનપ્રભાવક પૂજ્યપાદ આચાર્ય ભગવંત

શ્રી શ્રી ૧૦૦૮ શ્રીમદ્વિજય ભુવનચન્દ્રસૂરીશ્વરજી મહારાજશ્રી ડહેલાવાલા

: ગણીપદ :
સં. ૨૦૨૩
કારતક વદી : ૧૦
ખેતરવસી,
પાટણ ઉ. ગુ.

卐

: પંન્યાસપદ :
સં. ૨૦૨૩
કારતક વદી : ૧૧
ખેતરવસી,
પાટણ ઉ ગુ.



: ઉપાધ્યાયપદ :
સં. ૨૦૨૩
વૈશાખ સુદિ : ૫
ઝોટાણા ઉ. ગુ.

卐

: આચાર્યપદ :
સં. ૨૦૨૯
માગરશ સુદિ : ૨
સિદ્ધચક્રની પોળ
પાટણ, ઉ. ગુ.

જન્મ : સં. ૧૯૫૫ ફાગણ સુદિ ૧૪ : ખેતરવસી, પાટણ, ઉ. ગુ.

દીક્ષા : સં. ૧૯૮૮ માગશર સુદિ ૩ ચાણસમા, ઉ: ગુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( શ્રી આત્માનંદ સભાના નવા પેટ્રન )

# શ્રેષ્ઠીવર્ય શ્રી બાબુભાઈ ભીખમચંદ જૈનની

# ટુંકી જીવન ઝરમર

શ્રી બાબુભાઇ ભીખમચંદ જૈન લાખો રૂપીઆનું દાન કરે છે, ધર્મ માર્ગમાં વાપરે છે. તેમ છતાં પોતાનો ફોટો કે જીવન ઝરમર આપવાની સ્પષ્ટ ઈનકારી કરી છે. તેઓ ગુપ્ત દાનમાં જ માને છે. જમણો હાથ આપે ડાબો હાથ ન જાણે. તેઓ એકદમ શાંત સ્વભાવના તદ્દન સાદા સરલ અને ઓછુ બોલવાવાળા છે. એમની ઉદારતાની અનુમોદના જેટલી કરીએ એટલી ઓછી જ છે. અહીં ત્રીજા ભોઇવાડામાં "પૂર્ણિમા એમ્બ્રોઈડરી સ્ટોર્સ"ની દુકાન ધરાવે છે.

મૂળ વતન રાજસ્થાનમાં "શિવગંજ"ના વતની છે. હાલમાં તેઓશ્રીની ઉંમર વર્ષ ૫૪ છે. તેઓના ધર્મપત્ની પણ ખૂબજ ધર્મિષ્ઠ છે. સાધુ-સાધ્વીની વૈયાવચ્ચ, સુપાત્રદાન એમના જીવનનો આદર્શ બની ગયો છે.

શ્રી બાબુભાઇ તથા એમના ધર્મપત્નીને ધર્મની શ્રદ્ધા એટલી બધી છે કે હરહંમેશ વ્યાખ્યાન શ્રવણ, પ્રભુપૂજા સામાયિક પ્રતિક્રમણ વગેરેમાં એમની હાજરી હોય જ આમ શ્રદ્ધાળુ દાનેશ્વરી અને જિનશાસનના પ્રેમી એવા શ્રીમાન શ્રેષ્ઠિવર્ય શ્રી બાબુભાઇ ભીખમચંદ જૈન આ સભાના માનવંતા પેટ્રન થવાથી સભા ગૌરવ અનુભવે છે અને આ સભાને સર્વ પ્રકારે સહકાર આપતા રહો એજ શુભેચ્છા સહ અભિનંદન !!

રાયચંદ મગનલાલ શાહ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.

વર્ષ : ૮૫] ● વિ. સં. ૨૦૪૪ : માર્ચ-એપ્રીલ-૧૯૮૮ ● [અંક : ૫-૬


## ભગવાન  મહાવીર

### ( પંચકલ્યાણક )

રચયિતા : **શ્રીમતી અંજનાબેન હસમુખરાય મહેતા-ભાવનગર.**

રાગ : આંગણીયું સજાવો આજ

આંગણીયા સજાવો આજ, સાથીયા પુરાવો દ્વાર, તોરણ બંધાવો.
વાજીંત્રો વગડાવો આજ, થૈ થૈ થૈ થૈ નાચો આજ તોરણ બંધાવો.

હે...અષાઢ શુદી છઠના દિન ચ્યવીયા, ત્રિશલા કુખ વર્ધમાનરે.
ચૌદ સુપન માતાજી દેખે, હુઓ જય જયકાર રે.
સ્વપ્ન પાઠક તેડાવે રાય, તોરણ બંધાવો,
પુત્ર કહે થશે ત્રિભુવનનાથ. તોરણ બંધાવો. ૧.

હે....ચૈત્ર શુદી તેરસે વીર જન્મ્યા સિદ્ધારથ દરબાર રે,
છપ્પન દિશી કુમરી મળી આવી, આવે ઇંદ્રો તત્કાળ રે.
મેરૂ શિખરે લેઈ જાયે બાળ તોરણ બંધાવો,
અંગુઠે મેરૂ કંપાય તોરણ બંધાવો. ૨.

હે....કાર્તિક વદી દશમી દિન લીધી, દીક્ષા દેઈને દાન રે,
ઉપસર્ગો સહી ઘોર તપેથી, કર્મ ખપાવે નાથ રે.
તારી ચંદનબાળા બાળ, તોરણ બંધાવો,
બૂઝવ્યો ચંડજ કૌશીક નાગ. તોરણ બંધાવો. ૩.

હે....વૈશાખ શુદી દશમી દિન પામ્યા, વીરજી કેવળનાણ રે,
બારે પર્ષદે દેઈને દેશના, તાર્યા કંઈ નરનાર રે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ટાળ્યું ઇંદ્રભૂતિનું માન, તોરણ બંધાવો,
સંયમ દીધો ગણધરપદ થાય, તોરણ બંધાવો. ૪.

હે....આસો વદની અમાસે પામ્યા, વીરપ્રભુ નિર્વાણ રે,
દ્રવ્ય દીપક દેવે પ્રગટાવ્યા, પર્વ દિવાળી થયું ત્યાંય રે.

આસન્ન ઉપકારી જિનરાજ તોરણ બંધાવો,
શાસન તેનું અવિચળ આજ. તોરણ બંધાવો. ૫.

હે....આપણ સહુના છે ઉપકારી, ચરમ તીર્થંકર નાથ રે,
પુન્ય ઉદયથી ગયાજ પામી, શાસન ધન ધન ભાગ્ય રે.

આરાધન શું કરીએ અમાપ મુક્તિપુરીમાં થાયે વાસ, તોરણ
પંચકલ્યાણક એહના આજ ગાયે સેવક મનશું ભાવ.

જન્મ કલ્યાણક દિવસ ખાસ તોરણ બંધાવો,
તોરણ બંધાવો. ૬.

## —: બધું જ વર્ધમાન :—

આ સમયે રાજા સિદ્ધાર્થ પાસે ખેડૂતો આવે છે અને કહે છે 'કારણ કંઇ જણાતું નથી, પરંતુ જમીનના રસકસ વર્ધમાન છે.'

ગોવાળિયા આવીને કહે છે, 'રાણીજી, કંઈ નવતર કારણ ઊભું થયું નથી, પણ ગાયોના દૂધ વર્ધમાન છે. ગૌચરમાં ઘાસ વધ્યા છે.'

વનવાસીઓ કરે છે, 'આંબા એના એ છે ને ફળનો કોઇ પાર નથી. વેલીઓ ફુલથી અને વૃક્ષો ફળથી લચી રહ્યાં છે.'

નાગરિકો કહે છે, 'આ વર્ષે ન જાણે સુખાકારી સારી છે. મૃત્યુ ઓછાં થયાં છે અને અકાળ મૃત્યુ તો થતાં જ નથી. મન વિના કારણે ઉત્સાહ-આનંદથી વર્ધમાન છે.

આ સાંભળી રાજા સિદ્ધાર્થ કહે છે, 'જો જ્યોતિષીઓની આગાહી ફળશે તો મહાન આત્મા જગતમાં આવશે. મારા હૈયામાં પણ કોણ જાણે કેમ હર્ષ વર્ધમાન છે.'

રાણી ત્રિશલાદેવી કહે કે, 'મારા મનમાં પણ અપૂર્વ મંગલ થાય છે. આપણે બાળકનું નામ વર્ધમાન રાખીશું?' 'ભ. મહાવીર'



For Private And Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પ્રભુ મહાવીરની જીવન સારકથા

લેખક : શ્રીમતી મધુબેન નવીનભાઇ શાહ

વીરં દેવં નિત્યં વંદે, જેના પાદા યુષ્માન્ પાંતુ,
જૈનં વાક્યં ભૂયાત્ ભૂત્યૈકં વિદ્યાદેવી દદ્યાત્ સૌખ્યં

પ્રભુ મહાવીરનું સ્તવન કીર્તન કરવાથી અનંતી કર્મની નિર્જરા થાય છે. ધન્ય છે એ કરૂણા સાગરને, એ સમતા સાગરને, એ અમીયાભરી મૂર્તિને જેને જોતાં જ ક્રોધ નાશ પામે છે, સમતા મળે છે, અમીદૃષ્ટિ મળે છે. વિશ્વ વાડીનું મઘમઘતું માનવ પુષ્પ એટલે પ્રભુ મહાવીર, આખા વિશ્વ ઉપર સ્નેહ વાત્સલ્ય વરસાવનાર પ્રભુ મહાવીર છેલ્લા ભવથી આગળના ત્રીજે ભવે તેમણે એવી સાધના કરી કે 'સવી જીવ કરૂં શાસન રસી' જે સાધનાના બળે તેમણે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું.



પૂર્વ મરિચિના ભવે કુળમદ કર્યો હતો તેથી વીર પ્રભુએ દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિએ દેવલોકમાંથી ચ્યવીને જન્મ લીધો, ઇન્દ્રે અવધિજ્ઞાનથી જોયું અને વિચાર્યું કે તીર્થંકર કદી બ્રાહ્મણને ઘેર જન્મે નહિ, તેથી હરિણૈગમેષી દેવને બોલાવી દેવાનંદાની કુક્ષિમાંથી ત્રિશલારાણીની કુક્ષિમાં ગર્ભને મૂકે છે. આપણા જૈન શાસનમાં દસ અચ્છેરા થયાં છે તેમાંનુ આ એક અચ્છેરૂ છે. દેવાનંદાની કુક્ષિમાંથી ભગવાનને ઉપાડે છે ત્યારે દેવાનંદા ચૌદ ઝાંખા સ્વપ્ના જુએ છે અને ત્રિશલામાતાની કુક્ષિમાં મૂકે છે ત્યારે ત્રિશલામાતા ચૌદ ઉજળા સ્વપ્ના જુએ છે.

હવે જ્યારે ભગવાન ત્રિશલામાતાના ગર્ભમાં આવે છે ત્યારે તિર્યક્જૃંભક દેવ સિદ્ધારથ રાજાને ઘરે કનક, રયણ, મણિ, રૌપ્ય, ધાન્ય, ભૂષણ, નૂતન વસ્ત્રની તથા ફળફુલની વૃષ્ટિ કરે છે અને દોલતમાં ખૂબ ખૂબ વધારો થાય છે તેથી ભગવાનના જન્મ પછી તેનું નામ વર્ધમાન રાખીશું એવો માતાપિતાએ સંકેત કર્યો.

જ્યારે ભગવાન ત્રિશલામાતાના ગર્ભમાં હતા ત્યારે તેને એમ લાગ્યું કે મારા હલનચલનથી માતા દુઃખી થશે, તેથી તે હલ્યા ચાલ્યા વગર સ્થિર રહ્યાં પરંતુ માતાને તેથી એમ લાગ્યું કે ગર્ભને કંઇક અમંગળ થયું હશે તેથી ચિંતાતુર રહેવા લાગ્યા. ભગવાન ગર્ભમાં હાલ્યા અને માતા આનંદિત બન્યા. આ પ્રસંગ ઉપરથી ભગવાને નિશ્ચય કર્યો કે માતાપિતાની હયાતિમાં દિક્ષા લેવી નહિં, સંસારમાં માતાપિતાની સેવાથી કોઈ ઊંચો ધર્મ નથી.

આભમાં ઉગ્યો ચાંદલો અને ત્રિશલાદેવીને બાળ આવ્યો, જાણે રત્નાકરે નકલંક મોતી આપ્યું. ગ્રિષ્મ ઋતુમાં ચૈત્ર મહિનાની સુદ તેરસે મધરાતે ભગવાનનો જન્મ થયો. ભગવાનના જન્મ વખતે ત્રણે લોકમાં અજવાળા થયાં. નારકી જીવોને ક્ષણવાર સુખ થયું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભગવાનનો જન્મ મહોત્સવ ઈન્દ્રોએ કર્યો, પાણીની ધારા કરવા માંડી અને તેજ વખતે ઈન્દ્રને વિચાર આવ્યો કે આટલો નાનો બાળ બધા ઈન્દ્રોની જળધારા સહન કેમ કરશે! ભગવાને પગનો અંગુઠો પર્વત પર ચાંપ્યો. પૃથ્વી કંપી, શિખરો ધ્રુજી રહ્યાં. ઈન્દ્રોએ તેમને મહામાનવ કહ્યાં.

ભગવાન બાળક હતા ત્યારે ગામના પાદરે વડલા નીચે તેની જેવડા છોકરાઓ સાથે રમતા હતા, ત્યારે એક મોટો સાપ નીકળ્યો. બધા બાળકો બીને નાઠા. પરંતુ વર્ધમાને તેની પાસે જઈ તેની પૂંછડી પકડી દૂર ફેંકી દીધો.

તેઓ નિર્ભય હતા.

વળી એકવાર જ્યારે તે વડલા નીચે બાળકો સાથે રમત રમતા હતા ત્યારે એક દેવ બાળકનું રૂપ લઈ વર્ધમાન સાથે રમવા આવ્યો. વર્ધમાનને તેની પીઠ પર બેસાડી તાડ જેવડું રૂપ કરી દૂર દૂર લઈ ગયો. પરંતુ ભગવાને તેને ત્રણ વાર મૂષ્ટિ પ્રહાર કરી હરાવ્યો. એ અઘોરીની શાડ ફાટી ગઇ. તે નમી ગયો અને વર્ધમાનને તેના ઘર સુધી મૂકી આવ્યો. વર્ધમાનને મહાવીર નામે બીરદાવ્યા અને અદૃશ્ય થઇ ગયો.

પછી તો વર્ધમાનકુમારને નિશાળે બેસાડયા. આ વખતે એક દેવ બ્રાહ્મણનું રૂપ લઈ તેને પ્રશ્ન પુછવા આવ્યો. ખૂબ ખૂબ અઘરા પ્રશ્નો પૂછયા. મહાવીરે બધાં પ્રશ્નોના સાચા જવાબ આપ્યા. એ પ્રશ્નોત્તરી પરથી જ એક આખું વ્યાકરણ રચી નાખ્યું તેનું નામ રાખ્યું ઈન્દ્ર વ્યાકરણ.

વર્ધમાનકુમાર યૌવનકાળમાં પ્રવેશ કરે છે. ક્ષત્રિય રાજકુંવર, પરંતુ નિર્દોષ મુંગા પશુઓ પર તીર ફેંકાતું નથી. વિચાર વમળે ચડે છે, કોઇ નિર્દોષ જીવને હણવો નહીં; કોઈ જીવને દુઃખ આપવું નહિં; સહુને સુખ ગમે છે; સહુને જીવવું ગમે છે.

વળી યજ્ઞ કરે ધર્મ થાય તેમ સૌ માને છે અને મોટા મોટા યજ્ઞો કરે છે. જેમ વધુ જીવ હોમાય તેમ વધુ પુણ્ય. પણ મહાવીર તો વિવેકસારવાળા છે. કોઠાવિદ્યાવાળા છે, તે કહે છે કે બલિ તો માણસમાં છુપાયેલ પશુ તત્વનો હોય, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મોહ, મત્સર વગેરે કષાયોના ભાવો માણસને પશુ બનાવી દે છે. મનના એ પશુ જેમાં ભસ્મ થાય એજ સાચો યજ્ઞ.

માતાપિતાના વચન ખાતર મહાવીરસ્વામી યશોદા નામની રાજકુંવરી સાથે લગ્ન કરે છે. તે રાજકુંવરી પણ જાણે છે કે 'પંખીતો પરદેશી છે, ત્યાગ–માર્ગને અનુસરનારો જીવ છે.' તે પતિપરાયણ સ્ત્રી કહે છે કે, મહાવીરસ્વામી ત્યાગ માર્ગને સ્વીકારશે તો સીતાએ જેમ રામને ભજ્યા એમ હું સદાકાળ ભજતી રહીશ.

મહાવીરસ્વામી રાતદિવસ ઉંડાવિચારમાં ખોવાઇ જાય છે. એમને ત્રણ વાતોના રણકાર સંભળાય છે, 'હું કોણ છું; શું કરવા આવ્યો છું, મારે શું કરવાનું છે.' સંસારના ઝંઝાવાતોમાં ભય અને દ્વેષના દોષોથી જે નિવૃત છે એ જગતના સાચા મહાવીર છે. જીંદગી ચાર દિનની ચાંદની છે. અધર્મની રાત એળે ગઇ, સુધર્મની રાત સફળ.

અઠાવીસ વર્ષની વયે માતાપિતા સ્વર્ગે સિધાવ્યા. મોટાભાઈના કહેવાથી બે વર્ષ સંસારમાં જલકમલવત્ રહ્યાં.

નવ લોકાંતિક દેવો વર્ધમાન પાસે આવ્યા. ધર્મતીર્થના ઘડીયાળા બજાવનાર ચોકીદાર જેવા 'આપનો જય હો, આપ ધર્મ પ્રવર્તાવો, આપ તીર્થ પ્રવર્તાવો'

રોજ પ્રાતઃકાળમાં એક પ્રહર સુધી એક કરોડ સાઠ લાખ સોનૈયાનું દાન એક વર્ષ સુધી કર્યું. માગશર વદ દસમને દિવસે અશોક વૃક્ષની નીચે પોતાની ચાર મુષ્ટિથી લોચ કરી સંયમ સ્વી-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાર્યો સઘળાં વસ્ત્ર અળગાં કર્યાં. એ વખતે ઈન્દ્રે ખભા પર સુંદર એવું દેવદૂષ્ય નાંખ્યું અને એ એકલાં એકાકી, નસંગી, નસાથી દૂર દૂર નીકળી પડયાં. દૂર દૂર ચાલ્યા જાય છે ત્યાં એક ગરીબ બ્રાહ્મણ પ્રભુ પાસે માંગવા આવ્યો. ભગવાન તો અંતર્યામી હતા. દેવદૂષ્ય વસ્ત્રના બે ટૂકડા કરી એક બ્રાહ્મણને આપ્યો અને એક પોતે રાખ્યો.

ત્યાગના દિવસથી જ સંકટોની હારમાળા, ઉપસર્ગોની હેલી; પરિષહોનો પાર નહિં. શૂલપાણિ યક્ષ તરફથા પોતે ઘણા ઉપસર્ગો સહન કરી તેને તાર્યો. તેના વિહારમાં ભગવાન કાઉસ્સગ્ગ ધ્યાનમાં હતા એટલે ખેડુતના બળદ સાચવી ન શકયા તેથી ખેડુત રાશ લઇ ભગવાનને મારવા દોડયો. ઈન્દ્રે આવી તેને અટકાવ્યો. ઈન્દ્રે ભગવાનન કહ્યું, આપના વિહારમાં મને સાથે રાખો, અપના માર્ગમાં આમ તમને ઘણા હેરાન કરશે. ભગવાન બોલ્યા, "આત્માનો માર્ગ એકાકીનો છે, અંતરશત્રુનો નાશ કરવા માટે કોઈની સહાય કામ લાગતી નથી. પોતાની મુક્તિ પોતાના બળ, ઉદ્યમ અને પરાક્રમમાંજ રહેલી છે.

ભગવાન ચરમશરીરી હતા, તેજ ભવમાં મોક્ષ જવાના હતા છતાં મોક્ષ માટે કેટલો તલસાટ હતો. પ્રભુને રાતદિવસ અજંપો હતો કે કયારે કર્મના કર્જમાંથી મુક્ત થાઉં ? મારે માથે કર્મના દેવા હોય ત્યા સુધી હું સુખે સુવાનો અધીકારી નથી. ભગવાન સાડાબાર વર્ષ અને પંદર દિવસ છંદ્રસ્થાવસ્થામાં રહ્યા તે દરમિયાન શૂલપાણિ યક્ષના ઘણા ઉપસર્ગો નડયા.

એક તાપસની ઝુંપડીમાં મહાવીરસ્વામી ચોમાસુ રહ્યા, તે ચોમાસુ પુરૂ થયું ત્યારે તેણે પાંચ સંકલ્પો કર્યા. (૧) અપ્રીત થાય તેવા સ્થળે ન રહેવું. (૨) ધ્યાનને અનુકૂળ જ જગા શોધવી. (૩) પ્રાયા મૌન રહેવું. (૪) હાથમાંજ કર-પાત્રથી ખાવું. (૫) ગૃહસ્થની ખુશામત ન કરવી.

ચંડકૌશિકનો પ્રચંડ ડંસ, અને દિલાવર દિલનું સૌમ્ય ઉદ્બોધન, તારકે તિર્યંચને તાર્યો, આઠમા દેવલોકે પહોંચાડયો. કરપૂતનાનો જળધોધ અને દયાસાગરનો દયાધોધ, સંગમની અધમતા, વીસવીસ ઉપસર્ગો એક રાત્રિમાં અને નાથે અશ્રુભીની આંખે ચિંતવેલી ભાવદયા, બધેથી આત્મવીર મહાવીરે એનો વિજય મેળવ્યો. આતો સામે પગલે ચાલીને દુઃખનું સાગૈયું કરવાની ભાવના. કષ્ટોને સામે પગલે વધાવતા હતા, આવા કષ્ટોરૂપી અગ્નિજ્વાળામાં પડીને મારો આત્મા સુવર્ણ જેવો શુદ્ધ બની જશે, એવી ભાવના છ છ માસ સુધી, અભિગ્રહધારી, અડદના બાકુલા વહોરી ચંદનાને તારી. ગોશાલાએ ભગવાન ઉપર તેજોલેશ્યા મૂકી તો તેને પણ તારી, સમકિત પ્રાપ્તિના સ્થાન મળ્યા.

છેલ્લે એકવાર ભગવાન કાઉસ્સગ્ગ ધ્યાનમાં હતા ત્યારે ગોવાળે તેના કાનમાં દર્ભમૂળના ખીલા નાખ્યા. ખરક નામના વૈદ્યે તે કાઢી આપ્યા દુઃખમાં કદી ઓયકરો ન કરે તેવા ભગવાનના મુખમાંથી એક ભયંકર ચીસ નીકળી ગઈ. જેથી પહાડમાં પણ તિરાડ પડી ગઇ.

માણસ જેવો માણસને આટલો પુરૂષાર્થ ! આટલી સહનશીલતા ! અટલી નિર્ભયતા! અટલી તપશ્ચર્યા ! એ જીવન સાધનાની સિદ્ધિની ક્ષણ આવી પહોંચી. બેતાલીસ વર્ષની વયે વૈશાખ સુદ દશમને દીવસે ભગવાનને કેવળજ્ઞાન થયું, સર્વજ્ઞ સર્વદર્શી બન્યા.

અર્હન્ મહાવીરનો જય, દેવતાઓ એ સમોવસરણ રચી પ્રભુના મુખેથી ધર્મદેશના સાંભળી.

મહાવીરવાણી :- માણસ માનવતા રાખે તો દેવ પણ એના ચરણમાં રહે. 'અહિંસા પરમો ધર્મ' વેરને પ્રેમથી જીતો, એકબીજાને સમજો, અનેકાંતવાદને તમારી દૃષ્ટિ સમક્ષ રાખો, ત્યાગને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તપશ્ચર્યા, પ્રાયશ્ચિતને પ્રેમ, જીવનના અમૃત છે. એ અમૃત જે પામ્યો તે ઉચ્ચ શ્રેષ્ઠ અધિકારી છે.

માણસ માત્ર સમાન, ન કોઈ ઉચો, ન કોઈ નીચો. કર્મે બ્રાહ્મણ, કર્મે ક્ષત્રિય, કર્મે વૈશ્ય, કર્મે શૂદ્ર, ગૌતમ ઇન્દ્રભૂતિ આવ્યા વાદ કરવા, બની ગયા વડા વજીર. એવો પ્રભાવ હતો સત્ય-પ્રિય અને મીઠી વાણીનો. બીજા દસેદસ વિદ્વાનો મહાવીરને જીતવા આવ્યા હતા. પણ ખુદ જીતાઇને પ્રભુના ચરણકિંકર બની ગયા. મહા-માનવ બનવા, આત્મકલ્યાણ સાધવા, એમણે પાંચ મહાવ્રત સુણાવ્યા. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ.

ભગવાને તીર્થ પ્રવર્તાવ્યું, એમણે તે માટે ચતુર્વિધ સંઘની રચના કરી, ઇન્દ્રભૂતિ ગૌતમ આદિ અગિયાર શિષ્યોને ગણધર બનાવી સાધુ સંસ્થા સ્થાપી, ચંદનબાળાને પ્રથમ દિક્ષા આપી સાધ્વી બનાવ્યા. શ્રદ્ધા ધરાવનાર સ્ત્રી, પુરૂષોને શ્રાવક, શ્રાવિકા બનાવ્યા. આ ચતુર્વિધ સંઘને ભગવાન દૃષ્ટાંત દ્વારા ઉપદેશ આપે છે.

સદાચાર, તપ, શીલ ને વ્રત પાળી દેવ થવાય છે, સદાચાર પાળી મનુષ્યમાંથી મનુષ્ય થવાય છે. અનાચારી અને દુરાચારી બની નરકના ગામી થવાય છે હિંસા, જૂઠ, ચોરી, અનાચાર ને સંઘરાની વૃતિ વગેરે અઢાર પાપસ્થાનકોના સેવનથી જીવ ભારે થાય છે અને જીવનું ભવ-ભ્રમણ વધે છે. બાહ્ય યુદ્ધ કર્યે કંઈ નહિ વળે. અંદરના દુશ્મનો સાથે યુદ્ધ કરો તો કંઈક આત્મ કલ્યાણની આશા છે. નહિ તો તમે ડુબશો અને બીજાને ડુબાડશો. જીવન પાંદડા પર પડેલા ઝાકળના બિંદુ જેવું ક્ષણિક છે. કામભોગ વાદળ જેવાં ચંચળ છે. છેલ્લે ભગવાને કહ્યું કે દર્શનરત્ન, જ્ઞાનરત્ન, ચારિત્રરત્ન જેની પાસે હોય એને કેઈ વાતનું દુ:ખ રહેતુ નથી. એ પરમ સુખી થાય છે, એના બન્ને ભવ સુખી થાય છે.

ગોશાલકે ભગવાન ઉપર તેજોલેશ્યા છોડી, પાછી તેનાજ દેહમાં સમાઈ ગઈ અને ગોશાલક સાત દિવસમાંજ મૃત્યુ પામ્યો. પછી છ મહિનાથી ભગવાનની તબિયત બરાબર રહેતી નહોતી, શરીર સુકાઈને કાંટો થઇ ગયું હતું. રેવતી નામની શ્રાવિકાએ બે જાતની દવા બનાવી હતી, તે ભગવાને જ્ઞાનથી જાણ્યું, અને બીજા માટે તૈયાર કરેલું ઓષધ શિષ્ય પાસે મંગાવ્યું રેવતી શ્રાવિકાએ આ ઓષધ ભાવથી વહોરાવ્યું તેથી તેને તીર્થંકર પદ પ્રાપ્ત થયું. નામ કર્મ ઉપાજર્ન કર્યું.

ભગવાન પાવાપુરીમાં ચોમાસુ રહ્યા હતા. ત્યારે તેનો નિર્વાણ સમય નજીક જાણી, સોળ પ્રહર સુધી અખંડ દેશના આપી, બારે પર્ષદા તન્મય બનીને પ્રભુ વાણીના અમૃતનું પાન કરી રહી ગૌતમ ગણધરના પૂછવાથી ભગવાને પાંચમા, છઠ્ઠા આરાનું સ્વરૂપ તથા ભાવી તીર્થંકરોના જીવો ગૌતમની પાસે કહ્યા, ઈન્દ્રે આવી પ્રભુને કહ્યું, આપના ગર્ભ, જન્મ, દીક્ષા, અને કેવળ-જ્ઞાન હસ્તોત્તરા નક્ષત્રમાં હતાં, આપના નિર્વાણના નક્ષત્રમાં ભસ્મગ્રહ સંક્રાંત થાય છે. અનિષ્ટ ભાવિની એ આગાહી કહેવાય. તેથી આપની નિર્વાણ ઘડીને થોડી લંબાવો. ભગવાને કહ્યું, આયુષ્યની એક ક્ષણ પણ સુર અસુર કે માનવ કોઈ વધારી શકતું નથી.

પ્રભુએ છેલ્લો સૂક્ષ્મ કાયયોગ રૂંધ્યો, સવ ક્રિયાઓનો ઉચ્છેદ કર્યો, ને આંખોને આંજી દેનારૂં તેજ વર્તુળ પ્રગટ થયું. તારાગણોથી સુશોભિત અમાવાસ્યાની રાત્રિ એકાએક અલૌકિક પ્રકાશથી ઝળહળી ઊઠી. ચારે તરફ જય જય-નાદ સંભળાયા છઠની તપશ્ચર્યાવાળા પ્રભુ નિર્વાણ પામ્યા તે રાત્રિએ દેવોએ રત્નના દીવાઓ વડે ઉદ્યોત કર્યો ત્યારથી આરંભિત દરેક વર્ષે તે દિવસે જગતમાં દીપોત્સવ થયો. ત્રીશ વર્ષ ગૃહસ્થાશ્રમમાં અને બેતાલીશ વર્ષ વ્રતમાં એમ કુલ બોંતેર વર્ષનું આયુષ્ય હતું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીરની બોધશૈલી

પ્રા. અરુણ જોષી શામળદાસ કૉલેજ, ભાવનગર.



તીર્થંકરો પરમ કૌટુંબિક સદ્ભાવ ધારણ કરનારા હોય છે, માનવજાતને દુઃખમાંથી ઉગારવા માટે કોઈ ધન્ય ઘડીએ તેઓ પૃથ્વી ઉપર આવિર્ભાવ પામે છે. ભગવાન મહાવીર પણ કરુણાસભર હતા અને પોતાને પ્રાપ્ત થયેલા જ્ઞાનને સામાન્યમાં સામાન્ય માનવ સુધી પહોંચાડવા માટે સદા તત્પર રહેતા હતા. એટલે જ તેમણે બુદ્ધ ભગવાનની જેમ પ્રાકૃત ભાષામાં જ ઉપદેશ આપવા માંડયો, જેથી સંસ્કૃત ન જાણનારાઓને પણ મહાવીર ભગવાનનાં વચનો સાંભળવાનો અને સમજવાનો લ્હાવો મળ્યો.

ભગવાન મહાવીરે ઉપદેશ આપતી વખતે રોચક શૈલી સ્વીકારી. શ્રોતાને જરાય બોજો ન લાગે એ રીતે કઠિનમાં કઠિન એવો ઉપદેશ આપી શકાય તે માટે એમણે કથાનો આશ્રય લઇ આડકતરી રીતે ઉપદેશ આપવાનું અખત્યાર કર્યું. તેમના પ્રબળ હરીફ એવા ગોશાલકે પણ “મહાધર્મકથી” કહીને સકડાલપુત્ર સમક્ષ એમનાં વખાણ કર્યાં છે. આર્ય સુધર્માએ પણ ભગવાન મહાવીરની સમજાવવાની પદ્ધતિનાં વખાણ ‘નાયાધમ્મકહા’માં અનેકવાર કરેલ છે, આપણે કેટલાક ઉદાહરણો જોઈએ.

(૧) બહુજ જાણીતી એવી ‘રોહિણી’ની કથામાં પુત્રવધૂઓની પરીક્ષા અંગેની કથા રજૂ થઈ છે. કથાને અંતે મહાવીરસ્વામી જણાવે છે કે જેઓ અહિંસા વગેરે પાંચ પ્રતિજ્ઞાઓને ઉજ્ઝિકાની જેમ ફેંકી દે છે તેઓ સંઘના તિરસ્કારને પાત્ર બને છે. જેઓ પાંચ પ્રતિમાઓને ગ્રહણ કરી આજીવિકા ખાતર તેનું પાલન કરે છે તે પરલોકમાં દુઃખી થાય છે, જેઓ પાંચ પ્રતિમાઓને કાળજીથી સુરક્ષિત રાખે છે તે માનવજીવનને સાર્થક કરે છે અને જે માત્ર સાચવતા નથી પણ પ્રતિમાઓને ખીલવે છે તે મોક્ષને પામે છે.

(૨) બે કાચબા નામની ટૂંકી વાર્તામાં કહેવામાં આવ્યું છે કે પ્રમાદી કાચબાને શિયાળે મારી નાંખ્યો જ્યારે સંયમી કાચબાને જરાય વાંધો આવ્યો નહિ. આ વાર્તા કહીને મહાવીર સ્વામીએ ઉપદેશ તારવ્યો કે, જેઓ પ્રમાદમાં રહે છે તેઓના બૂરા હાલ થાય છે, જ્યારે અપ્રમાદી શ્રમણો અને શ્રમણીઓ પાંચ મહાયામોને પાળવામાં નિરંતર તત્પર રહે છે. તેઓ ખુદ તરે છે અને બીજાને પણ તારે છે.

(૩) ‘તુંબડું’ એ વાર્તા દ્વારા તત્ત્વજ્ઞાન અતિ સરળતાથી સમજાવવામાં આવેલ છે. તેમાં કહેવામાં આવ્યું છે કે જેમ તુંબડા ઉપર માટીનો લેપ લગાડયો હોય તો તે પાણીમાં ડૂબી જાય છે અને પછી જેમ જેમ લેપના થર ઉતરતા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાય તેમ તેમ તે ઉપર આવતું જાય છે. આ કથા દ્વારા કહેવામાં આવ્યું છે કે કર્મના બંધનથી આત્મા ડૂબે છે અને જેમ જેમ કર્મના બંધનના થર ઊકલી જાય છે તેમ તેમ આત્મા ઉન્નતિ સાધી શકે છે. સામાન્યમાં સામાન્ય માનવીને ગહન રહસ્ય આટલી સરળ રીતે ભાગ્યે જ બીજી કોઈ રીતે સમજાવી શકાય.

(૪) 'બે ઈંડાં'ની વાર્તામાં કહેવામાં આવ્યું છે કે બે સાર્થવાહના બે પુત્રો ઢેલડીનાં બે ઈંડાં ઘરે લઇ જાય છે. તેઓમાંથી એક પુત્ર એક ઈંડાંને વારે વારે ખખડાવવા લાગ્યો પરિણામે ઈંડુ નિર્જીવ બની ગયું. જ્યારે બીજા પુત્રે ઈંડાંને એમને એમ રહેવા દીધું. પરિણામે તેમાંથી મોરનું બચ્ચું જન્મ્યું. આ વાર્તા કહીને મહાવીર સ્વામીએ ઉપદેશ તારવ્યો કે વ્રતોની બાબતમાં જેઓ શંકાશીલ રહે છે તેઓ વ્યર્થ જીવન જીવી જાય છે. જ્યારે વ્રતોનું અશંકભાવે પાલન કરનાર સંસાર સમુદ્રને તરી જાય છે.

આ તો થોડાંક દૃષ્ટાંતો જ છે. આવી તો અનેક વાર્તાઓ કહીને મહાવીર સ્વામીએ ગૂઢ ઉપદેશને શ્રોતાઓના હૃદયમાં ઠસાવવા પ્રયત્ન કર્યો છે.

આ કથાઓ ઉપર ઉપરથી સાવ સાદી જણાય છે પણ તેની પાર્શ્વભૂમિકામાં ઉગ્ર તપસ્વીનું બળ ડોકાય છે અને તેથી તે ધારી અસર જન્માવે એવા બોધથી ભરપૂર છે.

માનવજાતને કોઇ પણ સંપ્રદાય કે ફીરકાની અસર વગરની આવી કથાઓ કહીને ઉન્નત બનાવવાની ખેવના કરનાર તીર્થંકર ભગવાનને વંદન હજો.

## :માતૃભક્તિનો મહિમા:



એમણે વિચાર્યું, માતાનો પુત્ર તરફ કેવો અજબ પ્રેમ હોય છે! એમાં દુઃખ એને સુખ લાગે છે. સંસારમાં માતાની સેવાથી કોઈ મોટો ધર્મ નથી. હજી હું ગર્ભમાં છું, માતાએ મારું મુખ પણ જોયું નથી છતાં કેટલો બધો પ્રેમ! આ સમયે જ ભગવાન મહાવીરે અભિગ્રહ કર્યો કે માતાપિતાની જીવિત અવસ્થામાં હું દીક્ષા લઇશ નહિ આમ ભગવાન મહાવીરે પહેલો પાઠ આપ્યો માતૃ-ભક્તિનો:

'ભગવાન મહાવીર'




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાવીરનો ધર્મ : ક્રાન્તિનો ધર્મ

લે. ડૉ. શ્રી કુમારપાળ દેસાઇ



**ભ**ગવાન મહાવીરના એ સંદેશનો વિચાર કરીએ તે પહેલાં એમણે કરેલી ક્રાંતિને જોઈએ. એમણે શાસ્ત્રોને આમ-જનતા માટે ખુલ્લાં મૂકયાં. એ જમાનામાં આવી જ્ઞાનવાર્તા દેવ-ગિરા સંસ્કૃતભાષામાં થતી હતી. સામાન્ય લોકો એ સમજી શકતાં નહિ અને એમાં જ એની મહત્તા લેખાતી. સમજાય એ તો સામાન્ય વિદ્યા કહેવાય, ન સમ-જાય એ જ મહાન વિદ્યા લેખાય. એવો ભ્રમ સર્વત્ર વ્યાપેલો હતો. ધર્મ, કર્મ અને તત્વની ચર્ચા લોકભાષામાં કરવી એ હીનકર્મ લેખાતું. લોકભાષામાં બોલનારને કોઈ સાંભળતું નહિ અને શિષ્ટ લેખતું નહિ. એનું કોઈ સન્માન કરતું નહિ. કેટલાક કહેતા કે આવી ઉચ્ચ વાતો કંઈ જનપદની ભાષામાં સારી લાગે? ઊંચી વાતો માટે ભાષા પણ ઊંચી અને અઘરી, ભારેખમ હોવી જોઇએ.

## લોકભાષા અને નારી સન્માન

ભગવાન મહાવીરે પહેલે પગલે ભાષાની ક્રાંતિ કરી. એમણે કહ્યું જ્ઞાન માત્ર જ્ઞાની માટે નથી, સામાન્ય માનવી માટે પણ છે. સામાન્ય લોકો સમજે એ રીતે એમની ભાષામાં બોલવું જોઇએ. આથી એમણે એ કાળની મગધદેશની લોકભાષા અર્ધમાગધી-માં ઉપદેશ આપ્યો. એમાં સંસાર અને ધર્મનાં ગૂઢ રહસ્યો પ્રગટ કરવા માંડયા. જીવ શું, અજીવ શું? લોક શું, અ-લોક શું? આસ્રવ-સંવર શું, બંધ મોક્ષ શું? તિર્યંચ ગતિ શું? મનુષ્યભવ શું? એ બધુ લોકભા-ષામાં કહેવા લાગ્યા. લોકોને પોતાની જબાન અને પોતાની ભાષા મળી. પંડિતોનો ભારે બોજવાળો જ્ઞાનબોધ તો એમને માટે આંખનું કાજળ ગાલે ઘસ્યા જેવું હતું. પણ હવે પંડિત કહે તે શાસ્ત્ર અને શાસ્ત્ર કહે તે પ્રમાણ, એમ માનવાનું રહ્યું નહિ. મહાવીરનો ઉપદેશ સહુને સમજાયો અને બધાને માટે આત્મકલ્યાણનાં દ્વાર ખુલ્લાં થયાં.

ભગવાન મહાવીરે સ્ત્રીને સ્વતંત્રતા બક્ષવા માટે બે મહાન સુધારા કર્યા. એક તો વ્રતમાં બ્રહ્મચર્યને સ્થાન આપ્યું અને બીજું સ્ત્રી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંન્યાસિની થઈ દીક્ષિત થાય તો સર્વ બંધનો-માંથી મુક્ત બને એમ કહ્યું. જાતિ અને વર્ણના મહત્વને કાઢી નાખ્યું અને ચારિત્ર્યની મહત્તા સ્થાપી. એમણે કહ્યું,

**कम्मुणा बंभणो होइ, कम्मुणा होइ खत्तिओ।**
**वइसो कम्मुणा होइ, सुद्दो होइ कम्मुणा ॥**

[કર્મથી બ્રાહ્મણ, ક્ષત્રિય વૈશ્ય અને શુદ્ર થવાય છે.]

આમ એમણે શુદ્રોને ગુલામીના અંધકાર-માંથી બહાર કાઢયા અને પશુતામાંથી પ્રભુતા આપી. કોઇ પણ વર્ણનો સ્ત્રી-પુરૂષ ધર્મ સ્વીકારી શકે છે તેમ કહ્યું. હકીકતમાં એમણે શ્રમણને કુળ, રૂપ, જાતિ, જ્ઞાન, તપ, શ્રુત અને શીલનો જરાપણ ગર્વ ન કરનાર કહ્યો. ભગવાન મહાવીરની આ એક મહાન સામાજિક ક્રાંતિ ગણાય. એમણે આખીયે પરિસ્થિતિમાં પરિવર્તન આણ્યું. આત્માના ઊંડાણમાંથી ઉગેલા આ સત્ય વિચારે સમાજમાં સ્થાયી રૂપ લીધું. ભગવાન મહાવીરે નીડરતા અને દૃઢતાથી પોતાના વિચારો પ્રગટ કર્યા અને અમુક વર્ગના અસાધારણ પ્રભુત્વ, હિંસાચાર અને માનસિક ગુલામીમાંથી લોકોને મુક્તિ અપાવી. વર્ણાશ્રમની જડ દીવાલોમાં કેદ થયેલા સમાજને બહાર લાવ્યા. ઊંચનીચની કલ્પનામાં સમૂળી ક્રાંતિ કરી. સ્ત્રીને બાળપણમાં પિતા પાળે, યુવાનીમાં પતિ પાળે અને ઘડપણમાં પુત્ર પાળે એ વિચાર પર કુઠારાઘાત કર્યો. જાતિ કે લિંગના ભેદો આત્મવિકાસમાં ક્યાંય કદીય બાધારૂપ બનતા નથી, તેમ કહ્યું. આત્મતત્ત્વની દૃષ્ટિએ બધા સરખા છે. બ્રાહ્મણ કે શુદ્ર, સ્ત્રી કે પુરૂષ, યુવાન કે વૃદ્ધ, રાય કે રંક જે પુરૂષાર્થ કરે તે મોક્ષનો અધિકારી છે. આના સમર્થનમાં જ તેમણે ચંદનબાળાને પ્રથમ સાધ્વી બનાવી. ઇશ્વરકૃપા પર આધાર રાખીને પ્રારબ્ધને સહારે જીવતા માનવની ગુલામી એમણે દૂર કરી, પુરૂષાર્થનો ઉપદેશ આપ્યો અને કહ્યું,

'દેવ ભલે મોટો હોય, ગમે તેવું તેમનું સ્વર્ગ હોય, પણ માણસથી મોટું કોઇ નથી. માણસ માનવતા રાખે તો દેવ પણ એના ચરણમાં રહે!

માણસે આ માટે સત્ય અને પ્રેમનો આગ્રહ રાખવો જોઇએ. પ્રત્યેક માણસ પોતાના કાર્યથી, પોતાના ગુણથી અને પોતાના પરિશ્રમથી મહાન થઈ શકે છે, એ માટે જાતિ, કુળ કે જન્મ નિરર્થક છે.'

## આત્મિક સંયમની સાધના

ભગવાન મહાવીરે બ્રહ્મચર્યમાં પરિગ્રહ-વિરમણ વ્રતથી વિશેષ જોયું. બ્રહ્મચર્ય એ માત્ર બીજી બહારની વસ્તુઓ ગ્રહણ કરવી કે છોડી દેવી એવો ફક્ત બાહ્ય વેપાર નથી, પરંતુ એ તો આત્મિક સંયમનો પ્રશ્ન છે. એ જ રીતે કર્મના બંધનોનો છેદ કરવાનો એક અને અદ્વિતીય ઉપાય તપ છે, એમ કહીને જીવનમાં તપના મહત્ત્વને અસાધારણ પ્રતિષ્ઠા આપી. આમ ભગવાન મહાવીરે ગુલામ મનોદશામાંથી માનવીને મુક્તિ અપાવી. પ્રારબ્ધને બદલે પુરૂષાર્થથી એને ગૌરવ અપાવ્યું. શુષ્ક પાંડિત્ય સામે સક્રિય પ્રયત્નનું પ્રતિપાદન કર્યું. વર્ષોથી ચાલી આવતી રૂઢ માન્યતા અને અંધ વિશ્વાસને દૂર કરીને મહાવીરે વિચાર-સ્વાતંત્ર્યની પ્રતિષ્ઠા કરી. પોતાને સાચું લાગે તેનો સ્વીકાર કરવાની નીડરતા બતાવી.

સાધુની સાથોસાથ ગૃહસ્થને પણ એના ધર્મો હોય છે. એમણે કહ્યું, 'ધર્મ સાધુ માટે છે, ને ગૃહસ્થે લીલાલહેર કરવાની છે, એ માન્યતા સાવ ભૂલભરેલી છે. સાધુની જેમ સંસારી ગૃહસ્થના પણ ધર્મ છે. સાધુ સર્વાંશે સૂક્ષ્મ રીતે વ્રત-નિયમ પાળે, ગૃહસ્થ યથાશક્તિ સ્થૂલ રીતે પાળે. એ માટે સાધુએ પાંચ મહાવ્રત, ને ગૃહસ્થે પાંચ અણુવ્રતને સાત શિક્ષાવ્રત—એમ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાર વ્રતવાળા ધર્મથી જીવનનું ઘડતર કરવું જોઇએ. એમ કરે તો માણસનો બેડો પાર થઇ જાય. આ ઉપરાંત યજ્ઞમા પશુહિંસા ન કરો. શાસ્ત્રને છુપાવો નહિ. શુદ્રને તિરસ્કારો નહિ’

ભગવાન મહાવીરે મત અને મજહબની લડાઈ ગૌણપદે સ્થાપી. સંસારના પ્રત્યેક મતને સાપેક્ષ સત્યવાળા ઠરાવ્યા. આચારમાં અહિંસા આપી. વિચારમાં અનેકાન્ત આપ્યો. વાણીમાં સ્યાદ્વાદ આપ્યો. સમાજમાં અપરિગ્રહ સ્થાપ્યો. એમણે કહ્યું,

धम्मो मंगलमुक्किकट्ठं, अहिंसा संयमो तवो।
देवा वि तं नमंसंति जस्स धम्मे सया मणो॥

[ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે. અહિંસા, સંયમ અને તપ એનાં લક્ષણો છે. જેનું મન ધર્મમાં હંમેશાં રમ્યા કરે છે તેને દેવો પણ નમે છે.]

ભગવાન મહાવીરે આત્મકલ્યાણ સાધવા માટે કેટલાક નિયમો પાળવાનું કહ્યું. નિયમો એટલે વ્રત. આવા પાંચ મહાવ્રત એટલે કે પાંચ યામ છે.

## પરમ ધર્મ – અહિંસા

આમાં પહેલું મહાવ્રત છે: અહિંસા. ભગવાન મહાવીરે કહ્યું કે ‘જેને તું હણવા માગે છે તે તું જ છે, જેના પર તું શાસન કરવા માગે છે તે તું જ છે, જેને તું પરિતાપ ઉપજાવવા માગે છે તે તું જ છે, જેને તું મારી નાંખવા માગે છે તે પણ તું જ છે. આમ જાણી સમજુ માણસ કોઈને હણતો નથી, કોઈના પર શાસન ચલાવતો નથી કે કોઇને પરિતાપ આપતો નથી, અહિંસા એ જૈનધર્મનો પાયો છે. બીજા ધર્મોએ અહિંસા સ્વીકારી છે, પણ જૈનધર્મ જેટલું પ્રાધાન્ય એને આપ્યું નથી. આ અહિંસાની જેટલી સૂક્ષ્મ વિચારણા જૈનધર્મમાં કરવામાં આવી તેટલી વિચારણા અન્ય ધર્મોમાં થઈ નથી. આ અહિંસાનો ઉદ્ગમ તાત્ત્વિક વિચારણા અને અનુભવમાંથી થયો છે. બધા જીવોની સમાનતાના સિદ્ધાંતમાંથી અહિંસાનો આવિષ્કાર થયો છે. એવી જ રીતે સર્વ જીવ જીવવા ઇચ્છે છે. કોઇને મરવું ગમતું નથી. સહુ સુખ ઇચ્છે છે. કોઈ દુઃખ ઇચ્છતું નથી. હિંસા કરવાના વિચારથી જ કર્મબંધ થાય છે. આથી જૈનધર્મમાં હિંસા અને અહિંસા એ કર્તાના ભાવ પર આધારિત છે. જ્યાં પ્રમાદ છે ત્યાં નિત્ય હિંસા હોય છે. અસત્ય વાણી અને વર્તન એ હિંસા છે. બીજાને આઘાત આપવો કે ભ્રષ્ટાચાર કરવો એ પણ હિંસા છે અને આ અહિંસામાંથી જ સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ પ્રગટે છે. પહેલાં વિચારમાં હિંસા આવે છે અને પછી વાણી અને વર્તનમાં હિંસા આવે છે. આથી જ કહેવાયું છે, ‘War is born in the hearts of men.’ વિચારની અહિંસાનો ઉદ્ઘોષ અનેકાંતમાં સંભળાશે.

જૈનદર્શનમાં અહિંસાને પરમધર્મ કહ્યો છે અને હિંસાને બધાં પાપ અને દુઃખનું મૂળ માન્યું છે. મહાવીરની અહિંસા એ મનુષ્ય પૂરતી જ મર્યાદિત નથી, પરંતુ પ્રાણીમાત્રને આવરી લે છે. જીવનની એકતા( Unity of life )માં માને છે. સર્વ જીવને એ સમાન ગણે છે અને એના પ્રત્યે સમાન આદર રાખે છે. જે પ્રાણી પ્રત્યે ક્રૂર થાય, તે માનવ પ્રત્યે પણ ક્રૂર થઈ શકે. ક્રૂરતા એ માત્ર બાહ્ય આચરણ નથી, પરંતુ આંતરિક દુર્વૃત્તિ છે. જેના હૃદયમાં ક્રૂરતાં હશે, તે પ્રાણી હોય કે મનુષ્ય-સહુ પ્રત્યે ક્રૂર વર્તન કરશે. જેના હૃદયમાં કરુણા હશે તે બધા પ્રાણી પ્રત્યે કરૂણાભર્યું વર્તન કરશે. વળી જૈનધર્મ પુનર્જન્મમાં માને છે. જીવ આજે એક યોનિમાં હોય એ કાલે બીજી યોનિમાં પણ હોય. આજે માખી હોય તે કાલે મનુષ્ય હોયઃ આવું હોવાથી મનુષ્યને મનુષ્યેતર પ્રાણીસૃષ્ટિને પણ દુઃખ આપવાનો અધિકાર નથી. સંસારના સર્વ પ્રાણીઓ પ્રત્યે. પછી તે શત્રુ હોય કે મિત્ર, સમભાવથી વર્તવું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જોઇએ. અહિંસાનું જૈનદર્શનમાં આવું મહત્ત્વ છે-
तुंगं न मंदराओ, आगासाओ विसालयं नत्थि ।
जह तह जयंमि जाणसु, धम्ममहिंसासमं नत्थि ॥

[મેરૂપર્વતથી ઊંચું અને આકાશથી વિશાળ જગતમાં કશું નથી. તેવી જ રીતે અહિંસા સમાન જગતમાં, બીજો કોઇ ધર્મ નથી ]

## સત્ય એ ઇશ્વર

બીજું મહાવ્રત તે સત્ય. હું અસત્ય નહિ આચરું, બીજા પાસે નહિ આચરાવું અને આચ તો હોય તો તેને અનુમોદન નહિ આપું. 'પ્રશ્ન વ્યાકરણ'માં સત્ય એ જ ભગવાન છે એમ કહેવામાં આવ્યું છે. જ્યારે 'આચારાંગ સૂત્ર'માં કહ્યું છે કે 'સત્યની આજ્ઞા પર ઊભેલો બુદ્ધિશાળી મૃત્યુને તરી જાય છે.' આ સત્યનો અનુભવ માનવીના અંતરમાં થતો હોય છે. મહાવીરનું જીવન જ સ્વયં સાધનાથી પ્રાપ્ત થયેલા અનુભવ પર આધારિત છે. આથી જ તેઓ કહે છે કે હું પૂર્ણજ્ઞાની છું અને તે તમે સ્વીકારો તેમ નહિ. પણ દરેક જીવ સાચી સાધના કરે તો એ પદને પ્રાપ્ત કરી શકે છે એવો એમનો ઉપદેશ છે ખુદ ભગવાન મહાવીરે પણ અગાઉના ર૭ ભવની સાધના અને એ પછી સાડાબાર વર્ષની તપશ્ચર્યા બાદ તીર્થંકર પદની પ્રાપ્તિ કરી હતી. આથી એમણે કહ્યું કે જાગ્રત રહીને અસત્યનો ત્યાગ કરવો જોઇએ. અસત્ય વચન બોલનાર સદા અવિશ્વાસને પાત્ર બને છે. વાણીમાં પણ કયાંય અસત્ય કથન ન આવે તેની તકેદારી રાખવી જોઇએ. માપસર અને દોષ વિનાનાં વચનો બોલવા જોઈએ. કટુ કે કઠોર ભાષાથી દૂર રહેવું જોઇએ. તેઓએ નિર્ગ્રંથ વિશે કહ્યું કે, 'એ નિર્ગ્રંથ વિચારીને બોલશે કારણ કે વગર વિચાર્યું બોલવા જતાં જૂઠું બોલાઈ જાય. એ ક્રોધનો ત્યાગ કરશે કારણ કે ગુસ્સામાં આવીને અસત્ય બોલાઈ જાય, એ લોભનો ત્યાગ કરશે કારણ કે પ્રલોભનમાં આવીને જૂઠું બોલાય જાય. એ ભયનો ત્યાગ કરશે કારણ કે ભયમાં આવીને અસત્ય બોલાઇ જાય. એ હસી-મજાકનો ત્યાગ કરશે કારણ કે ટીખળ-મશ્કરીમાં અસત્ય બોલાય જાય.'

આવી સત્યપાલનની જાગૃતિ જેના મનમાં હોય તેની શું વાત કરવી ? સત્ય બોલનારને અગ્નિ સળગાવી શકતો નથી, કે પાણી ડૂબાડી શકતું નથી. જૈનદર્શને સત્યની વ્યાપક વિચારણા કરી છે. 'હું કહું છું તે જ સત્ય' એવા આગ્રહ, દુરાગ્રહ કે પૂર્વગ્રહમાં વિચારની હિંસા સમાયેલી છે જ્યારે બીજાના કથનમાં પણ સત્યનો અંશ હોઇ શકે તેવી ઉદાર દૃષ્ટિ તે અનેકાંત, કારણ કે સત્ય સાપેક્ષ છે. તમારી નજરનું સત્ય અને તેના પરની તમારી શ્રદ્ધા તેમ જ બીજાની નજરનું સત્ય અને તેના તરફની તેની વિચારણા. આમ જીવનની સર્વ દૃષ્ટિને અનેકાંતમાં સમતા છે, સહિષ્ણુતા છે, સમન્વય છે અને સહ-અસ્તિત્ત્વની ભાવના છે. સત્યશોધ માટેના અવિરત પ્રયાસની આ એક સાચી પદ્ધતિ છે. બધી વસ્તુને સાપેક્ષભાવે વિચારવી અને દરેક સ્થિતિમાં રહેલા સત્યના અંશને જોવો એનું નામ અનેકાંત છે. 'મારૂં જ સાચું' એમ નહિ, પરંતુ 'સાચુ તે મારૂ' એવી ભાવના પ્રગટ થઇ. ભગવાન મહાવીરના જીવનમાં 'સાચુ તે મારું' બતાવતા અનેક પ્રસંગો મળે છે. એમણે એમના પટધર જ્ઞાની ગૌતમને આનંદ શ્રાવકની ક્ષમા માગવા કહ્યું હતું. ભગવાન મહાવીરના સમયે અનેક વિવાદો ચાલતા હતા. દરેક પોતાની વાત સાચી ઠેરવવા માટે બીજાના વિચારનું ખંડન કરે, બીજાના વિચારના ખંડનને બદલે મંડનની ભાવના ભગવાને બતાવી, એમણે કહ્યું,

'તમારી એકાન્તી બનેલી દૃષ્ટિને અનેકાન્તી બનાવો. એમ કરશો તો જ તમારી દૃષ્ટિ ઢાંકી દેતો 'સર્વથા' શબ્દનો બનેલો કદાગ્રહરૂપી પડદો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હટી જશે. અને પછી તરત જ તમને શુદ્ધ સત્યનું સ્પષ્ટ અને સુરેખ દર્શન થશે.'

આમ ભગવાન મહાવીરે મત, વાદ, વિચાર-સરણી અને માન્યતાઓના માનવીના હૃદયમાં ચાલતા વિવાદયુદ્ધને ખાળવાનો પ્રયાસ કર્યો આને માટે એમણે સાત આંધળા હાથીને જે રીતે જુએ છે તેનું દૃષ્ટાંત આપ્યું. આ અનેકાન્ત-વાદથી માનવી બીજાની દૃષ્ટિએ વિચારતો થઈ જશે અને આમ થાય તો જગતના અર્ધાં દુઃખો ઓછાં થઇ જાય. અનેકાન્ત સમન્વય અને વિરોધ પરિહારનો માર્ગ બતાવે છે. વિનોબાજી કહે છે કે અનેકાન્ત દૃષ્ટિ એ મહાવીરની જગતને વિશિષ્ટ દેન છે.

## અસ્તેય વ્રત

ભગવાન મહાવીરે કહેલું ત્રીજું મહાવ્રત તે અસ્તેય છે. માણસે સર્વ પ્રકારની ચોરીનો ત્યાગ કરવો જોઇએ. અણહકનું વણઆપ્યું કોઈનું કશું લેવું જોઈએ નહિ, કોઇની પાસે લેવડાવવું જોઈએ પણ નહિ અને એવા કામમાં સહાય કે ટેકો પણ આપવાં જોઇએ નહિ. એમણે તો એમ પણ કહ્યું કે દાંત ખોતરવાની સળી જેવી તુચ્છ વસ્તુ પણ એના માલિકને પૂછયા વિના સંયમવાળા મનુષ્યો લેતા નથી, બીજા દ્વારા લેવડાવતા નથી કે તેની સંમતિ આપતા નથી. આવે વખતે મોટી મોટી વસ્તુ-ઓની તો વાત જ શી ? સંયમીએ પોતાને ખપે એવી નિર્દોષ વસ્તુઓ શોધી શોધીને લેવી જોઇએ. આનો અર્થ એ કે પ્રત્યેક વસ્તુ લેતી વખતે એની નિર્દોષતા–સદોષતાનો વિચાર કરવો જોઇએ.

## સાહજિક અને પ્રસન્ન સંયમ

ચોથું મહાવ્રત તે બ્રહ્મચર્ય. ભગવાન મહાવીરે શ્રી પાર્શ્વનાથના ચાર યામમાં પાંચમો બ્રહ્મચર્ય યામ ઉમેરીને એનું આગવું મહત્ત્વ પ્રગટ કર્યું. એમણે કહ્યું કે સ્વર્ગમાં અને આ લોકમાં જે કાંઈ શારીરિક કે માનસિક દુઃખ છે તે બધાં કામભોગોની લાલચમાંથી પેદા થયેલાં છે, કારણ કે ભોગોપભોગ અંતે તો દુઃખદાયી છે. નદી વહેતી હોય પણ એને બે કાંઠા જોઇએ તે રીતે જીવનપ્રવાહને વહેવા માટે સંયમ જોઇએ. આ સંયમ સ્વેચ્છાએ સ્વીકારવામાં આવે તો સ્વસ્થતા અને પ્રસન્નતા અર્પે છે. આથી જ ભગવાન મહાવીરે કહ્યું કે, 'તું પોતે જ પોતાની જાતનો નિગ્રહ કર. આત્માનું દમન કર. વાસના, તૃષ્ણા અને કામભોગોમાં જીવનાર અંતે તો દીર્ઘકાળ સુધી દુઃખ પામે છે. એમણે કહ્યું દુરાચારમાં પ્રવૃત્ત આત્મા જેટલું પોતાનું અનિષ્ટ કરે છે તટલું તો ગળું કાપવાવાળો દુશ્મન પણ કરતો નથી. આથી સુખ, શાંતિ અને સમાધિનું મૂળ કારણ સાહજિક અને પ્રસન્નતાપૂર્વક સ્વીકારેલા સંયમ છે.

## અપરિગ્રહ અને પરમ આનંદ

પાંચમું મહાવ્રત છે અપરિગ્રહનું. પરિગ્રહ એ પાપનું મૂળ છે. માત્ર કોઈ વસ્તુની પ્રાપ્તિ કે સંગ્રહ એ જ પરિગ્રહ નથી, પરંતુ કોઈ વસ્તુ માટેની મૂર્છા અને આસક્તિ એ પણ પરિગ્રહ છે. આ પરિગ્રહ એ હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને આસક્તિ એ પાંચેય પાપોની જડ છે. આજે આપણે જોઇએ છીએ કે વર્તમાન જગતની અસીમ યાતનાઓનું મુખ્ય કારણ માનવીની બહેકેલી પરિગ્રહવૃત્તિ છે. માણસ એમ માને છે કે પરિગ્રહથી સુખ મળે છે, પરંતુ હકીકતમાં પરિગ્રહ જ એના દુઃખનું અને બંધનનું કારણ બને છે. માનવીને બાહ્ય વસ્તુ-ઓનો ગુલામ બનાવે છે. આથી ભગવાન મહાવીર કહે છે કે જેમ ભમરો પુષ્પમાંથી રસ ચૂસશે, પરંતુ પુષ્પનો નાશ કરતો નથી, એ જ રીતે શ્રેયાર્થી મનુષ્ય પોતાની વ્યવહારિક પ્રવૃત્તિમાં બીજાને ઓછામાં ઓછો કલેશ કે પીડા આપે છે.

આમ પાંચ યામનું નિરૂપણ કરીને ભગવાન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાવીર કહે છે,

'જેઓ આ રીતે જીવશે, તેઓ જેમ વાયુ ભડભડ સળગતી જ્વાલાઓને ઓળંગી જાય છે, તેમ એવો આદર્શ માનવી પણ સંસારની જ્વાલાઓને ઓળંગી, પરમ આનંદનો ભાગી થશે.'







## શ્રી મહાવીર સ્તવન

**રચયિતા : કાંતિલાલ વાંકાણી**

( રાગ : તેરે કુચેમેં અરમાનોંકી )

પ્રભુ મહાવીર તું પ્યારે, મને તારી લગન લાગી;
જગત્‌ને તારનારો તું, મને તારી લગન લાગી. પ્રભુ૦

અહિંસા, સત્ય ને શાંતિ, દયાનો મંત્ર પ્રસરાવી;
જગત તારક બિરુદધારી, મને તારી લગન લાગી પ્રભુ૦

ભૂલેલાં માર્ગ ભૂલ્યાને, બતાવી તેં દીવાદાંડી;
તરીને તારનારો તું, મને તારી લગન લાગી. પ્રભુ૦


પરમધામી, પરમજ્ઞાની, થયો તું તો જગતનામી;
કહે 'કાંતિ' સદા તુંને, મને તારી લગન લાગી. પ્રભુ૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંસ્કારના દીવા પાછળ અંધારું હોય ખરું ?



લે. કુમારી જ્યોતિ પ્રતાપરાય શાહ, બી. કોમ. ભાવનગર.

આકાશનાં અનંત અતીતમાં ચમકી રહેલાં પેલાં નવલખ તારલિયાઓને જઇને કોઈ પૂછે, કે તમારામાં સૂર્ય નારાયણની એ અસીમ, અલૌકિક અને અગમ્ય તેજસ્વિતા છે ખરી ? અસંખ્ય તારલા ભલે ચમકે પરંતુ તેથી કંઇ સૂર્યની ખોટ પુરી શકાય નહી તે જ રીતે વિશ્વનાં રંગમંચ પર આદિકાળથી તે આજ સુધી અનેક ધર્મધૂરંધરો જ્યોતિર્ધરો અને મહાત્માઓ આવ્યા અને ચાલ્યા ગયા, પરંતુ પ્રભુ મહાવીરે વહાવેલી સ્નેહની સરવાણી, જ્ઞાનની ગંગોતરી, માનવધર્મની બિરદાવલી, સત્ય, ક્ષમા અને સમતાની પુનિત ધારાઓથી સર્જાએલી જૈન ધર્મની અહિંસા, અપરિગ્રહ અને સ્યાદવાદની રત્નત્રયીથી શોભતી આચારસંહિતા આજે પણ વિશ્વમાં અમરત્વને વરી છે. સૂરજની જેમ તેજ પુંજો બિછાવી રહી છે.

પ્રભુ મહાવીરનું જીવન ડગલેને પગલે સંસ્કારની એક અલૌકિક આતશ પ્રજવલિત કરે છે. ક્ષત્રિયકુંડની મહા સૌભાગ્યદાયિની ભૂમિ પર પ્રભુ પનોતા પગલા પાડે છે અને ચારે-લોકમાં અજવાળા પથરાય છે. નર, નારી, પશુ પંખી અરે કુદરતના તત્વો પણ આનંદથી કિલ્લોલ કરતા ગાય છે કે—

આ આવ્યો રે, આવ્યો રે,<br>
અગમ તત્વને જાણનારો.<br>
અમ અંતરચક્ષુ ઉઘાડનારો....

જેમનાં જન્મની વધામણી ઈન્દ્રનાં ઇન્દ્રાસનને ડોલાવી ગઈ. અપ્સરાનાં ઝાંઝરને ઝણકાવી ગઇ અને પિતા સિદ્ધાર્થરાજા તથા માતા ત્રિશલા-દેવીને રત્નકુક્ષીનુ બિરૂદ અપાવી ગઇ, તેવાં શ્રી વર્ધમાનકુમારનું શૈશવ પણ કેવું ભવ્ય હતું ? સોનારૂપાનાં રમકડાથી રમનાર આ રાજકુમારે બચપણથી જ ત્યાગીને ભોગ ન ભોગવવામાં જ જીવનનું સાચુ સુખ નિહાળ્યું. જન્મજાત પોતે ત્રિકાળદર્શી હોવા છતાં દેવ, ગુરૂ અને વડીલોની સામે વિનય, વિવેક અને નમ્રતાની આદર્શરેખા સ્થાપવા માટે જ્ઞાનને જાણી, માણી અને પછી જ લોકકલ્યાણાર્થે વાપરી બતાવ્યુ. આર્ય સંસ્કૃતિનાં રક્ષણ માટે, માનવજીવનમાં ધર્મ, અર્થ કામ અને મોક્ષ એ ક્રમને વ્યવસ્થિત ચલાવવા માટે, પોતાનામાં વિરાગનો ચિરાગ જલતો હતો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છતાંય રાણી યશોદા સાથે સંસાર સંબંધ સ્વીકારી જલકમલવત્ જીવન જીવી બતાવ્યું. લક્ષ્મીએ આપણી માલિકીની મિલકત નથી, પરંતુ દુઃખીયા માણસની આપણી પાસે મુકાએલી અનામત છે. આ સનાતન સત્યને સિદ્ધ કરવા માટે તો તેઓશ્રીએ દાનની ધારાઓ વહાવી. યૌવન એ ત્યાગનું સોપાન બને, શીલ અને સંયમનું મંદિર બને તે માટે ત્રીસ વરસની ભર જુવાનીમાં સંયમ જીવન શરૂ કર્યું.

તેઓશ્રીના આંખોના અમૃતે ઝેરીના ઝેર ઉતાર્યા. તેમના ચરણકમળનાં સ્પર્શે કંઇ આત્માઓ જાગી ઉઠયા. તેમની મધુર શીતળ વાણીએ પાપીના હૃદયમાં પણ પસ્તાવાના ઝરણ વહાવ્યા. તેમની ઉત્કૃષ્ટ તપશ્ચર્યાએ સાધનાને સિદ્ધ બનાવી અને અવર્ણનીય સમતાથી, ઉપસર્ગ કરનાર પોતે જ તેમના ચરણોની રજ બની ગયો. કેવલશ્રી વરેલા પ્રભુ મહાવીરે જૈન શાસનની ઉન્નતિ કરી, બોંતેર વર્ષની ઉંમરે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપનાં ઉત્કૃષ્ટ દીવડાઓ જલાવી, બાહ્ય પુદ્ગલનાં નશ્વર દીપકને સદાયને માટે જગતમાંથી અલોપ કરી દીધો.

પ્રભુ મહાવીરનો દેહ જગતમાં ભલે નથી, પરંતુ એ દેહમાં પોઢેલો અજર, અમર એ આત્માએ પ્રગટ કરેલાં સંસ્કારના દીવડા તો આજે પણ એ જ શ્રદ્ધાથી, એ જ નિષ્ઠાથી જલી રહ્યા છે. જૈન શાસનની જયંતિ ગજવવા ઇચ્છતા એ દીવડા આજે આપણને પોકાર પાડી પાડીને કહે છે કે, હે મહાવીરના સંતાનો! હે પ્રભુ વીરના વંશજો! આવો, અહિં આવો મહાવીરના દરબારમાં ધર્મનું પ્રભાત ખીલ્યું છે. સંસ્કારના આ દીવડાથી તમારુ જીવન ઉજ્જવળ બનાવી અન્યના જીવનની તમે રોશની બનો! આ દીવડાની જેમ જલી જઈ ધર્મની 'જ્યોતિ' જગત પર મુકી જવાની તમન્ના રાખો! તમારા વગર આ દીવડામાં કોણ દીવેલ પુરશે. જ્ઞાનની દીવેટ કોણ સંકોરશે! જોજો તમારા પર મુકેલા વિશ્વાસને ભૂલી જવાનું પાપ વહોરશોમાં હો કે!

યૌવન સહજ તમારા મોજ-શોખ, મોહ, મમતા, લાવણ્ય, ભૌતિકતા, આડંબર અને આ અતિ કપરી સંસારની રફતારમાં પડી આ દીવડાનું જતન કરવાનું ભૂલી જશો તે કેમ ચાલશે? યાદ રાખો કે પ્રભુ મહાવીરે તમને જૈનત્વનો વારસો આપીને સંસ્કારના આ દીવડાં આપ્યા છે. પ્રાણના ભોગે પણ સોંપેલી થાપણનું રખોપુ કરનારાં આ આદર્શનાં દીવાને નહિ જલાવી શકીએ તો શું આપણે આપણા પૂર્વજો અને ભાવિ પેઢીના ગુનેગાર નહિ બનીએ? જૈનત્વનું એ અપમાન નહિ ગણાય!

વાંચનથી, વાણીથી, સંગીતથી, સર્જનાત્મક ભક્તિથી, તપથી, શ્રદ્ધાથી કે કોઇ પણ શુભ માધ્યમ દ્વારા દિવસનાં ચોવીસ કલાકમાંથી માત્ર ત્રીસ મિનીટ ધર્મ માટે આપી આપણે આપણે માથે રહેલાં કરજમાંથી મુક્ત બનવાનો નિર્ધાર કરીએ તો જ આપણામાં મુકેલી પ્રભુ મહાવીરની શ્રદ્ધાને હકીકતનું સ્વરૂપ આપી આપણે દુનિયામાં એમ સિદ્ધ કરી શકીએ કે,

સંસ્કારના દીવાં પાછળ અંધકાર હોય શકે નહિ! *

---

## સાચું યુદ્ધ

ભગવાન મહાવીરે કહ્યું કે બાહ્ય યુદ્ધથી શું વળે? પોતાની જાત સાથે જ સ્વયં યુદ્ધ કરો. પોતે પોતાની જાતને જીતવાથી જ સાચું સુખ પ્રાપ્ત કરી શકશે,

[એમણે કહ્યું કે દુર્જેય યુદ્ધમાં જે હજારો યોદ્ધાઓને જીતે છે તેને બદલે જે એકલો પોતાની જાતને જીતે છે તેનો એ વિજય પરમ વિજય ગણાય]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીર



## મહાવીરનો માર્ગ

ધર્મધ્યાન લક્ષ્યાર્થથી થાય એ જ આત્મહિતનો રસ્તો છે. ચિત્તના સંકલ્પ-વિકલ્પથી રહિત થવું એ મહાવીરનો માર્ગ છે. અલિપ્ત ભાવમાં રહેવું એ વિવેકીનું કર્તવ્ય છે.

વર્ધમાન સ્વામીએ ગૃહવાસમાં પણ આ સર્વ વ્યવસાય અસાર છે, કર્તવ્યરૂપ નથી, એમ જાણ્યું હતું. તેમ છતાં તે ગૃહ વાસને ત્યાગી મુનિચર્યા ગ્રહણ કરી હતી તે મુનિપણામાં પણ આત્મબળે સમર્થ છતાં તે બળ કરતાં પણ અત્યંત વધતા બળની જરૂર છે, એમ જાણી મૌનપણું અને અનિદ્રાપણું સાડાબાર વર્ષ લગભગ ભજ્યું છે, કે જેથી વ્યવસાય રૂપ અગ્નિ તો પ્રાયે થઈ શકે નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મહાવીરના બોધને પાત્ર કોણ ?

૧. સત્પુરૂષના ચરણનો ઇચ્છુક,
૨. સદૈવ સૂક્ષ્મ બોધનો અભિલાષી,
૩. ગુણ પર પ્રશસ્ત ભાવ રાખનાર,
૪. બ્રહ્મવ્રતમાં પ્રીતિમાન,
૫. જયારે સ્વદોષ દેખે ત્યારે તેને છેદવાનો ઉપયોગ રાખનાર,
૬. ઉપયોગથી એક પળ પણ ભરનાર,
૭. એકાંત-વાસને વખાણનાર,
૮. તીર્થાદિ પ્રવાસનો ઉછરંગી,
૯. આહાર, વિહાર, ને નિહારનો નિયમી,
૧૦. પોતાની ગુરૂતા દબાવનાર,

એવો કોઇપણ પુરૂષ તે મહાવીરના બોધને પાત્ર છે. સમ્યક્દશાને પાત્ર છે. પહેલાં જેવું એક્કે નથી.

— શ્રીમદ્ રાજચંદ્ર

卐

જે વર્ધમાન સ્વામી ગૃહવાસમાં છતાં અભોગી જેવા હતા, અવ્યવસાયી જેવા હતા, નિસ્પૃહ હતાં, અને સહજ સ્વભાવે મુનિ જેવા હતા. આત્માકાર-પરિણામી હતા, તે વર્ધમાન સ્વામી પણ સર્વ વ્યવસાયમાં અસારપણુ જાણીને, નિરસ જાણીને દૂર પ્રવર્ત્યા; તે વ્યવસાય બીજા જીવે કરી કયા પ્રકારથી સમાધિ રાખવી વિચારી છે, તે વિચારવા યોગ્ય છે. તે વિચારીને ફરી ફરી તે ચર્યા કાર્યે કાર્યે પ્રવર્તને પ્રવર્તને સ્મૃતિમાં લાવી વ્યવસાયના પ્રસંગમાં વર્તતી એવી રૂચિ વિલય કરવા યોગ્ય છે. જો એમ ન કરવામાં આવે તો એમ ઘણું કરીને લાગે છે કે હજી આ જીવની યથાયોગ્ય જિજ્ઞાષા મુમુક્ષુ પદને વિષે થઈ નથી.







For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એક સમય માત્ર પણ પ્રમાદ ન કરવો

ભગવાને ઉત્તરાધ્યયન સૂત્રમાં ગૌતમને કહ્યું કે, હે ગૌતમ! મનુષ્યનું આયુષ્ય ડાભની અણી પર પડેલા જળના બિંદુ જેવું છે. જેમ તે બિંદુને પડતાં વાર લાગતી નથી, તેમ આ મનુષ્યાયુ જતાં વાર લાગતી નથી. એ બોધના કાવ્યમાં ચોથી કડી સ્મરણમાં અવશ્ય રાખવા જેવી છે.—"समयं गोयम मा पमादए"—એ પવિત્ર વાક્યના બે અર્થ થાય છે. એક તો હે ગૌતમ! સમય એટલે અવસર પામીને પ્રમાદ ન કરવો, અને બીજો એ કે મેષાનુમેષમાં ચાલ્યા જતા અસંખ્યાતમા ભાગના જે સમય કહેવાય છે તેટલો વખત પણ પ્રમાદ ન કરવો. કારણ, દેહ ક્ષણભંગુર છે, કાળ શિકારી માથે ધનુષ્યબાણ ચઢાવીને ઉભો છે, લીધો કે લેશે એમ જંજાળ થઈ રહી છે. ત્યાં પ્રમાદથી ધર્મ કર્તવ્ય કરવું રહી જશે.

— શ્રીમદ્ રાજચંદ્ર




મહાવીરનો એક સમય માત્ર પણ સંસારનો ઉપદેશ નથી. એનાં સઘળાં પ્રવચનોમાં એણે એ જ પ્રદર્શિત કર્યું છે. તેમ તેવું સ્વાચરણથી સિદ્ધ પણ કરી આપ્યું છે. કંચનવર્ણી કાયા, યશોદા જેવી રાણી, અઢળક સામ્રાજ્ય લક્ષ્મી, અને મહાપ્રતાપી સ્વજન પરિવારનો સમૂહ છતાં તેની મોહિનીને ઉતારી દઈ જ્ઞાનદર્શનયોગ પરાયણ થઇ એણે જે અદ્ભુતતા દર્શાવી છે તે અનુપમ છે.

પરમ માન્ય રાખવા યોગ્ય સર્વજ્ઞ મહાવીરનાં વચન સર્વ સ્થળે એ છે કે, સંસાર એકાંત અને અનંત શોકરૂપ તેમજ દુઃખપ્રદ છે. અહો ભવ્ય લોકો! એમાં મધુરી મોહિની ન આણતાં એથી નિવૃત્ત થાઓ! નિવૃત્ત થાઓ!

મહાવીરસ્વામી ગૃહવાસમાં રહેતાં છતાં પણ ત્યાગી જેવા હતા. હજારો વર્ષનાં સંયમી પણ જેવો વૈરાગ્ય રાખી શકે નહીં તેવો વૈરાગ્ય ભગવાનનો હતો. જ્યાં જ્યાં ભગવાન વર્તે છે, ત્યાં ત્યાં બધા પ્રકારના અર્થ પણ વર્તે છે. તેઓની વાણી ઉદય પ્રમાણે શાંતિપૂર્વક પરમાર્થ હેતુથી નીકળે છે; અર્થાત્ તેમની વાણી કલ્યાણ અર્થે જ છે. તેઓને જન્મથી મતિ,




For Private And Personal Use Only

શ્રુત, અવધિ એ ત્રણુ જ્ઞાન હતાં. તે પુરૂષના ગુણુગ્રામ કરતાં અનંતી નિર્જરા છે. જ્ઞાની પુરૂષની ખરી ખૂબી એ છે કે તેમણે અનાદિથી નહીં ટળેલાં એવા રાગ, દ્વેષ ને અજ્ઞાન તેમણે છેદી ભેદી નાંખ્યાં છે. એ ભગવાનની અનંત કૃપા છે. તેને પચીસસો વર્ષ થયાં છતાં તેમની દયા આદિ હાલ વર્તે છે. એ તેમનો અનંતો ઉપકાર છે.

તે જિન-વર્ધમાનાદિ સત્પુરૂષો કેવા મહાન મનોજયી હતા! તેને મૌન રહેવું-અમૌન રહેવું બન્ને સુલભ હતું; તેને સર્વ અનુકૂળ-પ્રતિકૂળ દિવસ સરખા હતા, તેને લાભ હાનિ સરખી હતી. તેનો ક્રમ માત્ર-આત્મ સમતાર્થે હતો. કેવું આશ્ચર્યકારક કે, એક કલ્પનાનો જય એક કલ્પે થવો દુર્લભ, તેવી તેમણે અનંત કલ્પનાઓ કલ્પના અનંતમાં ભાગે શમાવી દીધી!

— શ્રીમદ્ રાજચંદ્રજી



સ્થળ : ક્ષત્રિયકુંડ સમય : પ્રાચીન
વિગત : ભગવાન મહાવીરનું જન્મસ્થાન
ભગવાનના નિર્દોષ બાળપણુના યશોગાન ગાતા જિનાલયના બહારના ભાગની તસ્વીર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પૂ. સાધ્વીજીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ની વિદ્યાસાધના

જૈન ધર્મમાં સંસાર તજીને સાધુ-સાધ્વીઓ ધર્મ પ્રસારણ સાથે, ધર્મની આરાધના અને સાધુજીવનની પરિચર્યાઓમાં જીવન પસાર કરે છે. ધર્મનું શિક્ષણ મેળવતાં જ્ઞાન આરાધના કરતાં કરતાં બહુજ ઓછા વિશ્વ વિદ્યાલયની પદવી મેળવે છે. જૈન ધર્મમાં સાધુ-સાધ્વીજીઓમાં તત્વજ્ઞાન (ફીલોસોફી) જેવા ગહન વિષયમાં પી. એચ. ડી. મેળવનાર બહુજ વિરલ છે. અચલગચ્છના સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજીએ જ્ઞાન ઉપાસના કરતાં કરતાં "ફીલોસોફી ઓફ સાધના ઈન જૈનીઝમ" વિષય પર મહાનિબંધ લખીને ભાવનગર વિશ્વ વિદ્યાલય તરફથી પી.એચ.ડી.ની પદવી મેળવેલ છે. આમ જનતાની જ્ઞાનપિપાસા સંતોષવા કથિત મહાનિબંધને પુસ્તકાકારે પ્રસિદ્ધ કરીને વિમોચન કરવાનો લાભશ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈએ રવિવાર તા. ૨૦-૩-૮૮ના યોગ્ય સમારંભ યોજીને મેળવેલ.

પ્રસ્તુત પુસ્તકમાં "સાધના" અંગેની જૈન તત્વજ્ઞાનની વિસ્તૃત છણાવટ કરીને સમકાલીન ધર્મોની સાધના વિષય પરની વિચારધારાઓ સાથે તુલના કરવામાં આવી છે.

પ્રથમ ભાગમાં ભગવાન મહાવીર પહેલાનાં તિર્થંકરોના સમયમાં "સાધના" અંગેની જૈન વિચારસરણીઓનું નિરૂપણ કરીને, મહાવીર અને તે બાદના ૨૩૦૦ વર્ષ સુધીના સમયગાળામાં "સાધના" વિષે જૈન ધર્મના સિદ્ધાંતો-વિચારો વર્ણવ્યા છે. આત્મા, કર્મ, પુનર્જન્મ, મોક્ષ, આધ્યાત્મિક ઉત્ક્રાંતિ, બંધન અને મુક્તિ વગેરે ગહન વિષયોને સરળ ભાષામાં સમજાવવામાં આવેલ છે. તદઉપરાંત સમ્યગ્ (સાચું) દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચરિત્ર અને સમ્યગ્ તપ વિષે જૈન ધર્મનો અનોખો દૃષ્ટિકોણ સ્પષ્ટપણે નિરુપવામાં આવેલ છે. ભક્તિ, જૈન અને બુદ્ધ ધર્મમાં સાધનાના પ્રકારો, હરિભદ્રસૂરિ અને પંતજલિ-યોગ વગેરે અધ્યાયોમાં જૈન સાધનાના વિષયને વધારે વિસ્તારથી સરખામણી કરીને પ્રતિપાદિત કરવામાં આવેલ છે.

પુસ્તકનું આમુખ મદ્રાસ વિશ્વ વિદ્યાલયના ડીપાર્ટમેન્ટ ઓફ જૈનોલોજીના વડા ડો. ટી. જી. કલઘટગીએ લખ્યું છે.

૫૦૦ ગ્રંથોના અધ્યયન બાદ, સતત ત્રણ મહિનાના લેખનકાર્ય દ્વારા આ મહાનિબંધ પૂરો કરવામાં આવેલ છે. આ મહાનિબંધની ગુજરાતી આવૃત્તિ ટૂંક સમયમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

આ પુસ્તક લખનાર સાધ્વીશ્રીએ સંસારી પણામાં બી. એસસી., (વનસ્પતિશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર) ૧૯૭૩ તથા એમ. એસસી. (વનસ્પતિ શાસ્ત્ર) ૧૯૭૫માં પ્રથમ વર્ગમાં પાસ કરી બે વરસ પાર્ટટાઈમ ડેમોન્ટ્રેટર તરીકે અને ચાર વરસ લેકચરર તરીકે સોમૈયા કોલેજ વિદ્યાવિહારમાં મુંબઈમાં સેવા આપેલ. આ દરમ્યાન તેમની વૈરાગ્ય ભાવનાના પ્રબળ ઉદયથી તેમણે સાધ્વીશ્રી જયલક્ષ્મીજી મ. સા. પાસે દિક્ષા અંગીકાર કરી.

જૈન ધર્મમાં સાધુ-સાધ્વીઓ સંસારિક નામ, સંબંધો મહત્તા અને માન-અકરામો, ઈચ્છા-આકાંક્ષાઓ ત્યજીને વૈરાગ્યનો પથ અપનાવે છે.

ધ્યેય વગર કોઈપણ સાધનામાં પરિપૂર્ણતા પ્રાપ્ત થતી નથી. ધ્યેય વગરનું જીવન મહાસાગરમાં એકલદોકલ નાવલડીની સ્થિતિ જેવું દિશાવિહીન છે. સાધ્વીશ્રીએ ધર્મ-જ્ઞાન આરાધકો માટે નવીન દિશા કંડારી છે.

ખરેખર પૂ. સાધ્વીજી શ્રી જયદર્શિતાશ્રીજીએ ઘણુંજ સરાહનીય અને પ્રેરણાદાયી કાર્ય કરેલ છે. તેઓ તેમની આ વિદ્યાસાધનાનું કાર્ય અવિરત ચાલુ રાખે અને તેમનું કાર્ય ઉત્તરોત્તર વૃદ્ધિ પામે અને તેમના લેખન કાર્યનો લાભ જૈન સમાજને મળતો રહે એવી શુભભાવના સાથે તેમને વંદન.

*



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્મનંદ

## સં. ૨૦૪૩ના આસો વદી

| ફંડ તથા જવાબદારીઓ | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|
| **બીજા અંકિત કરેલા ફંડ :-** | | |
| ફંડના પરિશિષ્ટ મુજબ ... ... | ૪૦૪૦૩૮-૧૧ | |
| ઠાણા સુત્ર ફંડ ... .... | ૧૨૦૦૦-૦૦ | |
| | ——— | ૪૧૬૦૩૮-૧૧ |
| **જવાબદારીઓ :-** | | |
| અગાઉથી મળેલી રકમો પેટે .... | ૨૧૧૨૭-૬૯ | |
| ભાડા અને બીજી અનામત રકમો પેટે .... | ૨૨૯૮-૦૦ | |
| અન્ય જવાબદારીઓ ... .... | ૫૪૪૮-૮૦ | |
| | ——— | ૨૮૮૭૪-૪૯ |
| **ઉપજ ખર્ચ ખાતુ :-** | | |
| ઉમેરો : ચાલુ સાલનો વધારો આવક ખર્ચ ખાતા મુજબ | ૮૬૨-૪૮ | |
| બાદ : ગઈ સાલના ઉધાર બાકી ... | ૩૭૧-૮૪ | |
| | ——— | ૪૯૦-૬૪ |
| | | ——— |
| **કુલ રૂા.** | | ૪૪૫૪૦૩-૨૪ |

ટ્રસ્ટીઓની સહી

૧. હીરાલાલ ભાણજીભાઈ શાહ
૨. પ્રમોદકાંત ખીમચંદ શાહ
૩. હિંમતલાલ અનોપચંદ મોતીવાળા
૪. કાંતિલાલ હેમચંદ વાંકાણી
૫. શા. ચીમનલાલ વર્ધમાન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભા–ભાવનગર.

નોંધણી નંબર
એફ/૩૭ ભાવનગર.

## અમાસના રોજનું સરવૈયું

| મિલ્કત | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|
| **સ્થાવર મિલ્કત :-** ગઈ સાલની બાકી .... ... | | ૧૧૧૩૧૬-૦૦ |
| **ડેડ સ્ટોક ફર્નીચર :-** | | |
| ગઈ સાલની બાકી ... ... .... | | ૬૮૫૨-૦૦ |
| **માલ સ્ટોક :-** | | |
| પુસ્તક સ્ટોક .... .... .... | | ૭૪૪૩-૦૩ |
| **એડવાન્સીઝ :-** | | |
| ઈલેકટ્રીક ડીપોઝીટ ... .... .... | | ૧૪૦-૦૦ |
| **રોકડ તથા અવેજ :-** | | |
| (અ) બેન્કમાં ચાલુ ખાતે | | |
| બેન્કમાં સેવીંગ્ઝ ખાતે .... | ૨૦૪૯૦-૦૧ | |
| બેન્કમાં ફીકસ્ડ અથવા કોલ ડીપોઝીટ ખાતે રાષ્ટ્રીયકૃત બેન્ક | ૨૯૮૦૦૦-૦૦ | |
| (બ) ટ્રસ્ટી/મેનેજર પાસે જમા .... | ૧૧૬૨-૨૦ | |
| | | ૩૧૯૬૫૨-૨૧ |
| **કુલ રૂા.** | | ૪૪૫૪૦૩-૨૪ |

ઉપરનું સરવૈયું અમારી માન્યતા પ્રમાણે ટ્રસ્ટના ફંડો તથા જવાબદારીઓ તેમજ મિલ્કત તથા લ્હેણાંનો સાચો અહેવાલ રજુ કરે છે.

**ભાવનગર**
તા. ૭ ડીસેમ્બર ૧૯૮૭

**સંઘવી એન્ડ કું.**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડીટર્સ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ

સં. ૨૦૪૩ના આસો વદી અમાસનાં રોજ

| આવક | | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|---|
| ભાડા ખાતે :- (લહેણી મળેલી) .... | .... | .... | ૧૨૨૯૩-૦૦ |
| વ્યાજ ખાતે :- (લહેણી મળેલી) | | | |
| બેન્કના ખાતા ઉપર .... | .... | ... | ૨૯૫૫૮-૪૦ |
| ભેટ આવક :- ... .... | .... | ... | ૪૨૨૦-૦૦ |
| બીજી આવક :- | | | |
| પરચુરણ આવક ... | .... | ૫૦૦-૦૦ | |
| પસ્તી વેચાણ આવક ... | .... | ૧૬૦-૨૫ | |
| પુસ્તક વેચાણ આવક ... | .... | ૩૪૭૨-૬૭ | |
| | | ———— | ૪૧૩૨-૯૨ |
| | | | ———— |
| | કુલ રૂા. | | ૫૦૨૦૪-૩૨ |

ટ્રસ્ટીઓની સહી

૧. હીરાલાલ ભાણજીભાઇ શાહ
૨. પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
૩ હિંમતલાલ અનોપચંદ મોતીવાળા
૪. કાંતિલાલ હેમચંદ વાંકાણી
૫. શા. ચીમનલાલ વર્ધમાન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સભા-ભાવનગર.

નોંધણી નંબર
એફ/૩૭ ભાવનગર.

પૂરાં થતા આવક અને ખર્ચના હિસાબ

| ખર્ચ | | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|---|
| **મિલ્કત અંગેનો ખર્ચ :-** | | | |
| મ્યુનિસિપલ/ગવર્નમેન્ટ ટેક્ષ | ... .... | ૩૯૩-૫૦ | |
| મરામત અને નિભાવ | .... .... | ૧૧૨-૬૦ | |
| વીમો | .... .... .... | ૧૦૬૬-૦૦ | |
| | | ——— | ૧૫૭૨-૧૦ |
| **વહીવટી ખર્ચ :-** | .... ... .... ... | | ૧૧૮૭૬-૭૫ |
| **કાનુની ખર્ચ :-** | .... ... .... ... | | ૨૦૦-૦૦ |
| **ઓડીટ ખર્ચ :-** | .... .... ... ... | | ૨૦૦-૦૦ |
| **ફાળો અને ફી :-** | .... .... .... .... | | ૬૯૨-૫૦ |
| **પરચુરણ ખર્ચ :-** | .... .... .... | | ૧૨૭૪-૬૯ |
| **રીઝર્વ અથવા અંકિત ફંડ ખાતે લીધેલ રકમો** | .... | | ૧૭૭૬૪-૦૦ |
| **ટ્રસ્ટના હેતુઓ અંગેનું ખર્ચ :-** | .... .... | | ૧૫૭૬૧-૮૦ |
| વધારો સરવૈયામાં લઇ ગયા તે :- | .... .... | | ૮૧૨-૪૮ |
| | | | ——— |
| | | કુલ રૂા. | ૫૦૨૦૪-૩૨ |

**ભાવનગર**
૭ ડીસેમ્બર ૧૯૮૭

**સંઘવી એન્ડ કું.**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડીટર્સ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

INSTITUT FOR TIBETOLOGIE
UNDBUDDHISMUSKUNDE
DER UNIVERSITAT WIEN

MARIA THERESIEN-STRASSE 3/4/26
A-1090 WIEN

To,
Jain Muni Shri
Jambuvijayaji
C/o. Jain Atmanand Sabha
Bhavnagar, Gujarat
India

1988 02 15

Dear Muni,

I Just received the third volume of your monumantal work on Malla-vadin and would like to thank you very much indeed for this beautiful and most welcome present. I would also like to corgratulate you for the beautiful completion of this work that proved to be so important for many aspects of our studies.

I am indeed very grateful for your continued kindness and wish you a long and vigorous continuation of your already astonishing achievements.

With my most sincere and respectful greetings and the best wishes from the bottom of my heart.

Yours Sincerely
Ernst Steinkellner



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

No. 24885

**THE AUSTRALIAN NATIONAL UNIVERSITY**

Box 4. P.O. CANBERRA. A.C.T., AUSTRALIA 2600
FACULTY OF ASIAN STUDIES

Canberra, 8 March 1988.

Shri Muni Jambuvijayaji
C/o. Jain Atmanand Sabha
Bhavnagar.. Pin 364001
INDIA

Dear Muni Jambuvijayaji,

It is a great pleasure for me to acknowledge receipt of volume three of your edition of the Nayacakra. It must give you great satisfaction to see the completion of your edition of this important work which is of fundamental importance for the study of both jain philosophy and Indian philosophy. I have no doubt that your work will be greatly appreciated by specialists in Indian philosophy in the entire world.

With many thanks and best wishes

Yours sincerely,
J. W. de Jong.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

UNIVERSITAT HAMBURG

SEMINAR FOR
KULTUR UND GESCHICHTE
INDIENS
Prof. Dr. A. Wezler
10 February 1988

To,
Muni Jambuvijayaji
Jain Atmanand Sabha
Khargate, (Bhavnagar-364 001.)
Indien.

Dear Muniji,

Yesterday I received the copy of the 3. Volume of your edition of Mallavadin's Dvadasaranayacakram and I was both most happy to have it and moved by your kindness in thinking of me. But I should also like to congratulate you on the excellence of your work thanks to which one of the most important works of Indian philosophy could be reconstructed and is now available practically in its entirety.

I thank you once again for the gift, and I do hope that my long cherisned wish to meet you is fulfilled in the near future.

With best wishes,

Yours Sincerely,
I llegible

---

Muni Jambuvijaya has devoted many years to this edition of the Nayacakra. The difficulties in restoring Mallavadin's text and in editing Simhasuri's commentary are of a kind to discourage even the most learned scholar. However, as Frauwallner has already pointed out in his introduction, Munl Jambuvijaya has overcome all these difficulties. It is a great pleasure to congratulate him upon the completion of this demanding task. It is due to his great efforts that it has now become possible to understand more fully the inportance of the Nayacakra for the study of many aspeets of Indian philosophy.

J. W: de Jong

( Introduction To Part III Dvadasaram Nayacakram )

---



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





# મહાવીર જન્મકલ્યાણક મહોત્સવ

મહાવીર જન્મકલ્યાણક મહોત્સવની ઉજવણી ઠેકઠેકાણે ખૂબ ઉલ્લાસ અને ઉમંગથી થઇ હતી. ભારતના પાટનગરમાં તેમજ ગુજરાતના પાટનગરમાં ખૂબ ઉલ્લાસભેર ઉજવાઈ હતી.

અમદાવાદમાં ચાંદીના રથમાં ભગવાન મહાવીરની મૂર્તિ સાથે વિશાળ રથયાત્રા પાલડીથી પ્રસ્થાન થઈને ગુજરાત વિદ્યાપીઠ પહોંચી હતી. જ્યાં તે સભાના રૂપમાં ફેરવાઈ ગઈ હતી. સમગ્ર જૈન સમાજ શ્વેતામ્બર, દિગમ્બર, સ્થાનકવાસી, તેરાપંથી, ભારત જૈન મહામંડળ વગેરેના ઉપક્રમે સવારે નીકળેલી રથયાત્રામાં બહોળો જનસમુદાય ઉપસ્થિત રહ્યો હતો. ટાઉનહોલ પાસે અમદાવાદના નગરપતિ શ્રી જયેન્દ્ર પંડિતે તથા એકતા સમિતિએ આ રથયાત્રાનું સન્માન કર્યું હતું આ યાત્રા દરમિયાન જૈન સ્વયંસેવક ભાઇઓ ગાયોના ઘાસચારા માટે નાણા ઉઘરાવતા હતા.

રાજકોટમાં પણ જન્મકલ્યાણક મહોત્સવ જૈનોના દરેક ફીરકાઓએ સાથે સુપેરે ઉજવાયો હતો. રથયાત્રા પૂર્ણ થયા બાદ સભાના રૂપમાં ફેરવાઈ ગઇ હતી. તેમાં વિવિધ વકતાઓએ પ્રવચન કરી દુષ્કાળના સમયમાં છૂટે હાથે સહાય કરવા પ્રેરણા આપી મહાવીરની અહિંસા ભાવના સમજાવી હતી. આ રથયાત્રામાં દરેક સંપ્રદાયના મુનિભગવંતોએ પણ હાજરી આપી હતી.

⁂ ⁂ ⁂

### સમગ્ર જૈન સમાજ દ્વારા

## શહેરમાં પ્રથમવાર ભગવાન મહાવીરસ્વામી જન્મકલ્યાણક મહોત્સવની ભવ્યતા પૂર્વક થયેલી સંયુક્ત ઉજવણી

### શ્રી જૈન સોશ્યલ ગૃપ-ભાવનગરનું પ્રેરક આયોજન

શ્રી જૈન સોશ્યલ ગૃપ ભાવનગરના પ્રયત્નોથી આ વર્ષે ચૈત્ર શુદ ૧૩ને ગુરૂવારે **શ્રી મહાવીર** સ્વામી જન્મ કલ્યાણક મહોત્સવ ભાવનગરના તમામ જૈન સંઘોએ એકી સાથે ઉજવાનું નક્કી કરેલ.

આ માટે શ્રી ભાવનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાસંઘ, **શ્રી** સ્થાનકવાસી જૈન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંઘ (મહેતાશેરી), શ્રી કૃષ્ણનગર સ્થાનકવાસી જૈન સોસાયટી, દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળ (કાનજીસ્વામી) તથા શ્રી દશાહુમડ દિગમ્બર જૈન સંઘ અને તમામ સંઘના હોદ્દેદારોનો સંપૂર્ણ સાથ સહકાર પ્રાપ્ત થયેલ અને તમામ જૈન સમાજે આ મહાન અવસર ઉત્સાહ ઉમંગ અને ઉલ્લાસથી ભાવભરી રીતે ઉજવ્યો. ઉપરાંત આ મહોત્સવમાં ભાવનગરમાં બીરાજમાન તમામ સંપ્રદાયના તમામ સાધુ-ભગવાનોએ સમગ્ર જૈન સમાજની એકતાના આ કાર્યમાં હાજરી આપી હતી.

આ પ્રસંગે એક શોભાયાત્રા ચૈત્ર શુદી ૧૩ને ગુરૂવારે સવારે ૮-૦૦ વાગે શ્રી કૃષ્ણકુમારસિંહજી ટાઉનહોલથી નીકળી. શહેરમાં રાજમાર્ગો ઉપર ફરી સવારે ૧૦-૩૦ કલાકે શ્રી દાદાસાહેબના પટાંગણમાં ઉતરી હતી. આચાર્ય ભગવંતોના આશીર્વાદ સાથે ભગવાન મહાવીર સ્વામીના જીવન દર્શન ઉપર પ્રવચનો થયા હતા. શોભાયાત્રા, તેમજ વ્યાખ્યાન મંડપમાં માનવ મહેરામણ ઉમટયો હતો સાકરના પાણીની વ્યવસ્થા હતી.

સમગ્ર જૈન સમાજને, શહેરની તમામ સામાજીક સંસ્થાઓના સભ્યોને તથા અહિંસા પ્રેમી નગરજનોને જૈન સોશ્યલ ગ્રૃપ ભાવનગર અને ઉપર દર્શાવેલ તમામ જૈન સંઘોને જાહેર આમંત્રણ હતું.

✖ ✖ ✖

## વિદ્યા-સન્માન મહોત્સવ

વિધિપક્ષ અચલગચ્છના સ્વ. પૂ. આચાર્ય ભગવંત શ્રી દાનસાગર સૂરિશ્વરજી મહારાજ સાહેબની જન્મશતાબ્દી, અચલગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. ના સાધનાભર્યા જીવનના અમૃત મહોત્સવ અને પૂ. સાધ્વી મહારાજ શ્રી જયદર્શિતાજીના લખેલ મહાનિબંધ "ફિલોસોફી ઓફ સાધના ઈન જૈનીઝમ" ના પુસ્તક (આ મહાનિબંધ માટે ભાવનગર વિશ્વ વિદ્યાલયે પી, એચ. ડી. ની પદવી એનાયત કરેલ છે.) નું વિમોચન કરવા એક સમારંભ રવિવાર તા. ૨૦-૩-૮૮ના શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી ઉપાશ્રય હોલ (ખારેક બજાર, મુંબઇ-૯)માં યોજવામાં આવેલ હતો.

પધારેલા અતિથિવિશેષો, શ્રી ગુલાબચંદ કરમચંદ શાહ (પ્રમુખઃશ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘ), શ્રી શાંતિલાલ મુલજી શાહ (માજીપ્રમુખ, શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ) સંઘરત્ન શ્રી વસનજી લખમશી શાહ (માજીપ્રમુખ શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘ). "પ્રબુદ્ધજીવન" ના તંત્રી અને સાક્ષરશ્રી ડૉ. રમણલાલ શાહ તથા શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇના પ્રમુખશ્રી રાજેન્દ્ર મણિલાલ શાહે આચાર્ય ભગવંતોની જૈન ધર્મની સેવાને બિરદાવી હતી. અચલગચ્છ સાધુ-સાધ્વી સમાજમાં પ્રથમવાર જ પી. એચ. ડી. પદવી મેળવનાર સાધ્વીશ્રીની જ્ઞાનોપાસનાની અનુમોદના કરવામાં આવી હતી.

શહેરી જીવનમાં ધાર્મિક શિક્ષણ અને આરાધના પ્રત્યે નવી પેઢીને રસ લેતી કરવા તથા જૈન ધર્મનો તાત્વિક દૃષ્ટિથી અભ્યાસ કરવા સૌ વકતાઓએ ભાર મુકયો હતો.

એ સાથે જ યતિ શ્રી મોતીસાગરજી મ. સા. લિખિત પુસ્તક "પ્રભુજી તમારી દેશનાએ મન મોહ્યું" નો વિમોચન વિધિ શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના ઉપાધ્યક્ષ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીમતી ઈન્દીરાબેન વિક્રમશી (એસ. ઈ. એમ. )એ કરેલ.

સમારંભ પહેલા ચતુર્વિધ સંઘ સહિત રથયાત્રાનો વરઘોડો કાઢવામાં આવયો હતો. જેમાં હજારો ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.

સમારંભના અતિથિવિશેષો તથા પુસ્તક પ્રકાશનમાં સહાય થનાર શ્રી નરશી જેઠાભાઇ દંડ (મલકાપુર) નાં સન્માન બાદ, સૌ ભાવિકોએ સ્વામીવાત્સલ્ય જમણનો લાભ લીધો હતો.

✕ ✕ ✕

# સમાલોચના

જૈન દૃષ્ટિએ કર્મ : લેખક શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, પ્રકાશક : શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગષ્ટ ક્રાન્તિ માર્ગ, મુંબઈ ૪૦૦ ૦૩૬ મૂલ્ય ૨૦ રૂપીયા. સ્વ. શ્રી મોતીચંદ ભાઇના નામથી જૈન સમાજ સુપરિચિત છે. તેમણે લખેલ આ પુસ્તક પ્રકાશિત કરવા માટે પ્રકાશિકા સસ્થાને હાર્દિક ધન્યવાદ. 'જૈન દૃષ્ટિએ કર્મ' પુસ્તકમાં કર્મ સંબંધી 'જૈન દર્શન' સંમત દરેક પાસાઓની વિશદ છણાવટ કરવામાં આવી છે. શ્રી મોતીચંદભાઈ જે કંઈ લખતા તે સંપૂર્ણ ઊંડાણથી અભ્યાસ મનન કરીને વિસ્તારથી લખતા. તે માટે તે વિષયનો પૂરો અભ્યાસ કરીને જ લખતા. 'કર્મનો સિદ્ધાન્ત' એ જૈન દર્શનનો આગવો સિદ્ધાન્ત છે. 'કર્મ' વિષય પરત્વે જૈન દર્શનકારોએ જે ઊંડું ચિંતન, મનન કરેલુ છે, તેવું બીજે કયાંયે જોવા મળતું નથી. જૈન દર્શનકારોના 'કર્મ' વિષેના વિચારોને સમગ્રપણે વિચારી અધ્યયન કરી એકત્રિત કરીને આ પુસ્તક રચાયેલું છે તે હકીકત સ્વ. શ્રી મોતિચંદભાઇની અભ્યાસનિષ્ઠા અને લેખન નિપુણતા દર્શાવે છે. આ પુસ્તકના સંપાદક શ્રી નગીનદાસ શાહે પણ સુંદર સંપાદન કર્યું છે. અને તે અંગે વિસ્તૃત, અભ્યાસપૂર્ણ પ્રસ્તાવના લખી પુસ્તકનો હેતુ સમજવાની ઘણી સરળતા કરી આપેલ છે. તેમને પણ હાર્દિક અભિનંદન

— કા. જ. દોશી

✕ ✕ ✕

**શ્રી મુંબઇ જૈન પત્રકાર સંઘ** : મુંબઈના જૈન પત્રકારોના હિતાર્થે સ્થપાયેલ શ્રી મુંબઇ જૈન પત્રકાર સંઘની તાજેતરમાં મળેલી સભામાં નવી કારોબારી સમિતિના ૧૯૮૮/૯૦ ના વર્ષ માટે નીચે મુજબના પત્રકાર મિત્રો ચુંટાઇ આવ્યા છે.

**પદાધિકારીઓ** :- પ્રમુખ : શ્રી નટવરલાલ એસ. શાહ, ઉપપ્રમુખ : શ્રી રતિલાલ ચી. શાહ, ધર્મપ્રિય મંત્રીઓ : શ્રી ચીમનલાલ કલાધર અને શ્રી નગીનદાસ વાવડીકર, કોષાધ્યક્ષ : શ્રી હિમતલાલ એસ. ગાંધી, કારોબારી સભ્યો ; શ્રી ચીમનલાલ જે. શાહ, શ્રી પન્નાલાલ ર. શાહ, શ્રી બચુભાઈ પી. દોશી, શ્રી જયેન્દ્રભાઇ એમ. શાહ, શ્રી નાનાલાલ વસા અને શ્રી ચીમનલાલ પાલિતાણાકર, કોઓપ્ટ સભ્યો : શ્રી ગીતાબહેન જૈન, શ્રી અમુલખ પી. પરીખ, શ્રી પ્રકાશ પી, વોરા અને શ્રી ધનસુખ બી. દોશી.

પત્રકાર સંઘને વધુ ગતિશીલ બનાવવા અને પત્રકારમિત્રોમાં પરસ્પર સ્નેહ, ભ્રાતૃભાવ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને એકયતાની ભાવનામાં વધારો થાય તે રીતે કાર્ય કરવાનો નિર્ણય આ સભામાં લેવામાં આવ્યો હતો.

X X X


**સુધારો :** ફેબ્રુઆરી માસના અંકમાં 'યુવાનો શું માગે' તે લેખના લેખિકા જ્યોતિબેન પ્રતાપરાય શાહ બી. કોમ ભાવનગર એમ વાંચવા વિનંતિ. અને 'સાધના સાર્થક ક્યારે બને' ના લેખક પ્રફુલ્લ જેઠાલાલ સાવલા 'નિર્મલ' મેરાઉ-કચ્છ એમ વાંચવા વિનંતી.

# અવસાન નોંધ

શ્રી હરજીવનદાસ નથુભાઈ શાહ સંવત ૨૦૪૪ ના તા ૩૦-૩-૮૮ ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસી થયા છે તેઓ શ્રી આ સભાના આજીવન સભ્ય હતા. તેઓશ્રી ધાર્મિક વૃત્તિવાળા અને મીલનસાર સ્વભાવના હતા. તેમના કુટુમ્બ ઉપર આવી પડેલ દુ:ખમાં અમો સમવેદના પ્રગટ કરી તેમના આત્માને પરમ શાન્તિ મલે એવી પ્રાર્થના કરીએ છીએ.

શ્રી કાન્તિલાલ પરસોતમદાસ મહેતા સવંત ૨૦૪૪ ના ચૈત્ર વદ ૩ ને મંગળવાર તા. ૫-૪-૮૮ ના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયા છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. તેઓશ્રી ધાર્મિક વૃત્તિવાળા અને મીલનસાર સ્વભાવના હતા. તેમના કુટુમ્બ પર આવી પડેલ દુ:ખમાં અમો સમ વેદના પ્રગટ કરી તેમના આત્માને પરમ શાંતિ મલે એવી પ્રાર્થના કરીએ છીએ.

## અપરિગ્રહ



મહાવીર ચાલી નીકળ્યા. એ સમયે સોમશર્મા નામનો એક બ્રાહ્મણ ત્યાં આવ્યો. એણે દાન માગ્યું. મહાવીર પાસે બીજુ કંઈ નહોતું, એટલે તેમણે પોતાના ખભે રહેલું વસ્ત્ર ફાડીને આપી દીધું. બ્રાહ્મણ વસ્ત્ર લઈ પાછો વળ્યો. એ વસ્ત્ર ભારે કિંમતી હતું. વસ્ત્ર તૂણનારે બ્રાહ્મણને કહ્યું કે બીજું અડધુ વસ્ત્ર લઈ આવ તો તુણીને આખું વસ્ત્ર બનાવી દઉં. ખુબ દામ ઉપજશે.

બ્રાહ્મણ મહાવીરની પાછળ ચાલ્યો. વસ્ત્ર માંગતા તેની જીભ ન ચાલી, પણ એકવાર તેમના ખભા પરથી એ વસ્ત્ર સરી પડયું. બ્રાહ્મણે એ લઇ લીધું. મહાવીરને તો એની ચિંતા જ નહોતી, ત્યાર પછી તેમણે નવું વસ્ત્ર ન સ્વીકાર્યું.

[ જે મમત્વ ભાવનાનો ત્યાગ કરે છે, તે મમત્વનો પરિત્યાગ કરે છે. ]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## હે પરમાત્મા

હું વ્રત એકટાણાં, ઉપવાસ કરૂં
અને મારા મનમાંથી ગુસ્સો, ઇર્ષ્યા, ડંખ નિર્મૂળ ન થાય
તો મારૂં એ તપ મિથ્યા છે.

હું મંદિરે જાઉં, ફુલ ચઢાવું, માળા ગણું,
અને મારાકર્મમાંથી સ્વાર્થ, લોભ, મોહ નિર્મૂળ ન થાય,
તો મારી એ પૂજા મિથ્યા છે.

હું જપ કરૂં, સત્સંગ કરૂં, ધ્યાન કરૂં
અને મારા ચિત્તપરથી અહંકાર, અભિમાન,
મોટાઇનો ભાવ નિર્મૂળ ન થાય,
તો મારી એ ઉપાસના મિથ્યા છે.

હું એકાંતમાં જાઉં, વૈરાગ્ય ગ્રહું, મૌન પાળું
અને મારી ઇચ્છાઓ-વૃત્તિઓનું શમન ન થાય
મારો દેહભાવ ઢીલો ન પડે
તો મારી એ સાધના મિથ્યા છે.

હે પરમાત્મા, હું પ્રાર્થના કરૂં ને તમારૂં નામ લઉં
અને મારા જીવનમાં પ્રેમ, કરુણા, મૈત્રી, આનંદ
પ્રગટ ન થાય,
તો મારો તમારી સાથેનો સંબંધ મિથ્યા છે.

'પરમસમીપે' માંથી સાભાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash Regd. No. G. BV. 31

# પ્રાર્થના

હે પ્રભુ,
દરેક દિવસે હું એક પગથિયું ઊંચે ચડું,
દરેક પગલે હું થોડોક વધુ તમારી નિકટ આવું,
રોજે રોજ, કોઈક સત્કર્મથી મારા હૃદયમાં
રહેલા તમને વ્યક્ત કરૂં.
દુનિયાને મારા થકી થોડી વધુ સુંદર બનાવું,
દરેક વર્ષે આજનો દિવસ આવે ત્યારે
આગલા વર્ષ કરતા મારૂં જીવન વધુ કૃતાર્થ
બન્યુ છે એમ કહી શકું
એ હું માગું છું.

*

પ્રાર્થના કરવી એટલે ફરી ફરી શબ્દો ઉચ્ચારવા, એમ નહિ, પ્રાર્થના એટલે પરમાત્મા સાથે ગોઠડી પરમાત્માનું ચિંતન અને અનુભવ.

—સ્વામી રામતીર્થ

પ્રાર્થના માગણી નથી
આત્માની ઝંખના છે.
પ્રાર્થના, ડોશીમાનું
નવરાશની પળોનું મનોરંજન નથી
પ્રાર્થના અંતરનું જોડાણ છે.

ગાંધીજી

'પરમસમીપે' માંથી સાભાર ઉધ્ધૃત

તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only